આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૩૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫






## દિલ્હીના પ્રત્યાઘાત ધરમપુર સુધી

# ધરમપુરમાં કોંગ્રેસનો સીઈસીના રાજીનામાની માંગ સાથે વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૨ :** મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ અને ધરમપુર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ધરમપુરમાં પદયાત્રા અને ધરણાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકશાહીના હનનના આક્ષેપ સાથે આંબેડકર ચોકથી ગાંધીબાગ સુધી પદયાત્રા યોજવાની તૈયારી હતી. જોકે, કૂચ શરૂ થાય તે પહેલાં જ પોલીસે કોંગ્રેસના કાર્યકરોને અટકાયતમાં લેતાં સ્થળ પર તણાવપૂર્ણ માહોલ સર્જાયો હતો.

આ દરમિયાન પોલીસ અને કાર્યકરો વચ્ચે રકઝકનાં દૃશ્યો પણ જોવા મળ્યાં હતાં. અટકાયતમાં લેવાયેલા કાર્યકરોને થોડા સમય બાદ મુક્ત કરવામાં આવ્યા હતા. ચૂંટણી પ્રક્રિયા અને મુખ્ય ચૂંટણી કમિશનરની કામગીરી સામે વિરોધ નોંધાવવા યોજાયેલા આ કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનોએ પોતાની માગણીઓ રજૂ કરી હતી. આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશન પટેલ, ધરમપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલ, તાલુકા કોંગ્રેસ મહામંત્રી મુફીદ પઠાણ, વલસાડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ કેતન સોલંકી, સહિત કોંગ્રેસના આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે યોજાયેલા આ વિરોધ કાર્યક્રમમાં પદયાત્રા શરૂ થાય તે પહેલાં જ પોલીસ કાર્યવાહી થતાં ધરમપુરમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.







## કન્યા શાળામાં શાળા છૂટી ગયા પછી પણ વાલી ન પહોંચતાં બનેલી ચોંકાવનારી ઘટના : કોઈ અજુગતી ઘટના બને તો જવાબદારી કોની ?

# વાપીમાં ધો. ૧ ની ભૂલકીને રઝળાવી શાળાનો સ્ટાફ ઘરભેગો થઈ ગયો!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી ટાઉન સ્થિત કન્યા શાળામાં આજે સાંજે વાલીઓની બેદરકારીનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આજે સાંજે ૫ વાગ્યે શાળા છૂટ્યા બાદ મોટાભાગના વાલીઓ પોતાની બાળકીઓને લઈને ઘરે જતા રહ્યા હતા. મોટી વિદ્યાર્થિનીઓ જાતે ઘરે જતી રહી હતી. પરંતુ ધોરણ-૧ માં અભ્યાસ કરતી એક માસૂમ બાળકીને લેવા તેના કોઈ સગા-સંબંધી કે વાલી આવ્યા નહીં. બાળકી એકલી રહી જતા શાળા સંચાલકોએ તેના વાલીને



ફોન કર્યો હતો. વાલીએ ફોન પર ‘થોડી જ વારમાં આવીને લઈ જઈએ છીએ’ એવું કહ્યું હતું. સંચાલકોએ થોડી રાહ જોયા બાદ બાળકીને શાળાની સામે ઉભેલા સ્થાનિક લોકોને સોંપીને જતા રહ્યા હતા.

એક કલાક વીતી ગયા છતાં પણ બાળકીને લેવા કોઈ આવ્યું નહીં. આખરે સ્થાનિક લોકોએ બાળકીના ગળામાં લટકતા ઓળખ કાર્ડ (ID કાર્ડ) પર લખેલા નંબર પર ફોન કર્યો, ત્યારે પણ વાલીએ ‘હમણાં કોઈને મોકલીએ છીએ’ એવો જ જવાબ આપ્યો હતો. સાંજના સમયે નાની બાળકીને આમ એકલી રઝળતી મૂકી દેવી કેટલી યોગ્ય છે? પોતાના બાળકો પ્રત્યે કેટલાક વાલીઓ કેટલા બેદરકાર અને બેજવાબદાર છે, તે આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે.

# દમણના ઔદ્યોગિક વિસ્તારોમાં સફાઈ માટે ૧૦૦થી વધુ એકમો જોડાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૨ :** દાદરા નગર હવેલી તથા દમણ અને દીવની પ્રદૂષણ નિયંત્રણ સમિતિ દ્વારા ‘સ્વચ્છ ઉદ્યોગ, સ્વચ્છ પર્યાવરણ’ અભિયાન અંતર્ગત ઔદ્યોગિક વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ અભિયાનમાં આશરે ૧૦૦ ઔદ્યોગિક એકમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ દરમિયાન ઔદ્યોગિક એકમોના પરિસર તેમજ આસપાસના વિસ્તારોમાં સાફ-સફાઈ કરવામાં આવી હતી. સાથે જ એકત્રિત કચરો દૂર કરવા, યોગ્ય કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતા જાળવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રદૂષણ નિયંત્રણ સમિતિએ તમામ ઔદ્યોગિક એકમોને સ્વચ્છતા અને યોગ્ય કચરા વ્યવસ્થાપનને તેમની નિયમિત કામગીરીનો ભાગ બનાવવા અપીલ કરી હતી. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ઔદ્યોગિક વિસ્તારોમાં સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને સ્વસ્થ વાતાવરણને પ્રોત્સાહન આપવાનો છે.

# વાપીની હોસ્પિટલના ટોયલેટમાંથી પ્લાસ્ટિકની થેલીમાં નવજાત મળતાં ચકચાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપીની હરિયા હોસ્પિટલના જનરલ ટોયલેટમાંથી ત્યજી દેવાયેલું નવજાત શિશુ મળી આવતા ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ, હોસ્પિટલના જનરલ ટોયલેટમાં કાળી પ્લાસ્ટિકની થેલીમાં કોઈએ નવજાતને ત્યજી દીધું હતું. થેલીમાંથી બાળકના રડવાનો અવાજ આવતા ત્યાં હાજર દર્દીના એક સગાને શંકા ગઈ હતી. તેણે તાત્કાલિક હોસ્પિટલ સ્ટાફને જાણ કરતા સમગ્ર ઘટના બહાર આવી હતી. બાળકને બહાર કાઢતા તેના ગળાના ભાગે ઈજાના નિશાન જોવા મળ્યા હતા, જેથી તેનું ગળું દબાવી મારી નાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે. હોસ્પિટલ તંત્રએ તાત્કાલિક નવજાતને સારવાર માટે ફત્ચ્ઇ માં દાખલ કર્યું છે, જ્યાં તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. ઘટના અંગે વાપી હરિયા હોસ્પિટલ દ્વારા વાપી જીઆઈડીસી પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે હોસ્પિટલના સીસીટીજી ફૂટેજની તપાસ શરૂ કરી છે અને શંકાના આધારે કેટલાક લોકોની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. આ અમાનવીય ઘટનાને લઈને હોસ્પિટલ પરિસરમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

## ભરતી કરવાની છે

**વાપી - છરવાડા ખાતે આવેલ ભારતી બા વિલા રીસોર્ટ માટે નીચે મુજબની ભરતી કરવાની છે.**

**(૧) ડ્રાઈવર - ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવી**
**(૨) મેઈન્ટેનન્સ ફીટર - સુપરવાઈઝર**
**(૩) લાઇઝનીંગ વર્ક કરે એવો માણસ જોઈએ છે**
**(૪) સારા શસક્ત વોચમેનોની ભરતી છે**

**Contact - 9879463248/8140977999**




# વાપીમાં રોટરી નવરાત્રી ‘થનગનાટ-૨૦૨૬’નો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપીમાં રોટરી આયોજિત નવરાત્રી થનગનાટ - ૨૦૨૬માં પહેલા નોરતે ગાયકોના ગીતો, વાદ્યંત્રકારોના સંગીત અને ખેલૈયાઓનું અદભુત ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

પ્રથમ દિવસે નાણામંત્રી રોટેરીયન કનુભાઈ દેસાઈ, વલસાડ ડિસ્ટ્રિક્ટ કલેકટર નીતિન સંગવાન, વાપી ઈન્ડસ્ટ્રીસ એસોસિયેશનના પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં પૂજા અર્ચના કરવામાં આવી હતી.

માતાજીના પરંપરાગત ગરબા, સીતારામની ધૂન, રાધા કૃષ્ણના પ્રેમભર્યા ગીતો, ‘ગોતી લો’ જેવા લોકગીતો અને ભજનો સાથે વાતાવરણમાં ખેલૈયાઓ અને દર્શકો આદ્યશક્તિની ભક્તિમાં લીન થઈ ગયા હતા.

રોટેરીયન ભરતભાઈ પટેલ ચેરમેન પદે થનગનાટ ૨૦૨૬ માટે સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે નવરાત્રીના આયોજન દ્વારા મળેલી રકમમાંથી રજજુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોટરી દ્વારા આખા વર્ષ દરમિયાન અનેક સમાજ ઉપયોગી કાર્યક્રમો જેવા કે હરિયા રોટરી હોસ્પિટલ દ્વારા આરોગ્યલક્ષી કાર્યક્રમો, નિયમિત મફત ડાયાલિસિસ, રોફેલ કોલેજ દ્વારા શિક્ષણલક્ષી કાર્યક્રમો અને બ્લડ મોબાઈલ વેન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પોનું આયોજન કરાશે.

# વાપી અંબામાતા મંદિરના ચોકમાં હજારો ખેલૈયા મન મુકી ગરબે ઘૂમ્યા



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)** રવિવારથી શરૂ થયેલા ગુજરાતની અસ્મિતા સમાન નવલી નવરાત્રિના પ્રથમ દિવસે વાપી અને આજુબાજુના ગામના લાખો ભક્તો માટે અસ્થાના કેન્દ્ર વાપી ઉદ્યોગનગર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત અંબામાતા મંદિર પરિસરમાં હજારો ભક્તો માતાજીના ચોકમાં ગરબે ઘૂમ્યા હતા. ગરબાની શરૂઆત પહેલાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ, વીઆઈએ પ્રમુખ સતીશ પટેલ સહિત મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને આગેવાનો દ્વારા માતાજીની આરતી કરવામાં આવી હતી.



## શામગહાનમાં શુભમ્ નેત્રસેવા ટ્રસ્ટ દ્વારા નેત્ર નિદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૨ :** શુભમ્ નેત્રસેવા ટ્રસ્ટ (સીતાપુર) દ્વારા ૧૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના શામગહાન ગામની પ્રાથમિક શાળા માં વિનામૂલ્યે નેત્ર નિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

?આ શિબિર સાઈટ સેવિંગ એકેડેમી ઓફ ઈન્ડિયા (SSAI-અમેરિકા) તથા માતૃ સ્વ. ચંદ્રાબેન પ્રવિણભાઈ વખારીયાના જન્મદિન નિમિત્તે તેમનાં સંતાનો જિજ્ઞાબેન આશિષભાઈ શાહ, તુષાર પ્રવિણભાઈ વખારીયા અને કેતનભાઈ પ્રવિણભાઈ વખારીયાના આર્થિક સહયોગથી યોજવામાં આવી હતી. કેમ્પનું ઉદ્ઘાટન ગૃહમાતા ગીતાબેન, ટ્રસ્ટના ટ્રસ્ટી અક્ષાણી ચરીવાલા, ડૉ. સ્નેહલ ચૌધરી તેમજ હોસ્પિટલના કર્મચારીઓ કાજલ પટેલ, પરાજીત પવાર, જ્યોતિષ પટેલ, કુંદન ગામીત અને નિકી ચૌધરીના હસ્તે કરવામાં આવ્યું હતું.

શિબિરમાં કુલ ૨૧૮ જેટલા દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી, જેમાં શાળાના ૭૨ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. તપાસ દરમિયાન મોતીયાના ૩૧ દર્દીઓ મળી આવ્યા હતા, જેમના વિનામૂલ્યે ઓપરેશન કરી આપવામાં આવશે. આ ઉપરાંત શિબિરમાં ૮૦ જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે ચશ્મા તથા ૩૭ દર્દીઓને ૫૭ દવાઓનું તદન મફત વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન બદલ સ્થાનિક લોકોએ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

## વાંસદાના ઉનાઈ અને નવતાડ ગામની કલેક્ટરે મુલાકાત લીધી

**નવસારી, તા.૧૨ :** નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ વાંસદા તાલુકાના ઉનાઈ અને નવતાડ ગામની મુલાકાત લઈ પાયાની સુવિધાઓ, આરોગ્ય સેવાઓ, શિક્ષણ, બાળપોષણ અને વિકાસલક્ષી કામગીરીની સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતો મેળવી સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ અને સુવિધાઓના સુદૃઢીકરણ અંગે જરૂરી સૂચનાઓ આપી હતી.

ઉનાઈ ગામે ગ્રામ પંચાયતની મુલાકાત દરમિયાન ગામની વસ્તી, આંગણવાડીઓ, જર્જરિત શાળાઓ, પાણીની સમસ્યા અને વન્ય-ાણી દીપડાના આંટાફેરા સહિતના સ્થાનિક પ્રશ્નોની માહિતી મેળવી હતી. ત્યારબાદ આંગણવાડીની મુલાકાત લઈ બાળકોને આપવામાં આવતા પોષણક્ષમ આહાર, કુપોષિત બાળકોની સ્થિતિ, પોષણ કિટનું વિતરણ અને વાલીઓના કાઉન્સેલિંગ અંગે જાણકારી મેળવી હતી.

કલેક્ટરએ ઉનાઈ આરોગ્ય કેન્દ્રની મુલાકાત દરમિયાન દર્દીઓની સંખ્યા, હાઈ-રિસ્ક



સગર્ભાવસ્થાના કેસો, સગર્ભા મહિલાઓને આપવામાં આવતું માર્ગદર્શન, લેબોરેટરીનાં સાધનો અને ઇન-પેશન્ટ વિભાગ (IPD)ની સુવિધાઓની સમીક્ષા કરી હતી. આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ બનાવવા તથા જરૂરી માહિતી દર્શાવતાં બોર્ડ નિયમિતપણે અદ્યતન રાખવા અંગે પણ સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત, મહાત્મા ગાંધી પુસ્તકાલયની મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરએ અભ્યાસ માટે આવતા બાળકો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે વિદ્યાર્થીઓની અભ્યાસલક્ષી જરૂરિયાતો, પુસ્તકાલયમાં ઉપલબ્ધ સુવિધાઓ તથા અભ્યાસ માટે વધુ સારી વ્યવસ્થા ઊભી કરવા અંગે ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વધુ સુવિધા મળી રહે તે હેતુથી પુસ્તકાલયમાં વધારાનો હૉલ બનાવવા તથા સોલાર પેનલ સ્થાપવા અંગેની દરખાસ્તને કલેક્ટરએ મંજૂરી આપી હતી.

ત્યારબાદ ઉનાઈ માતાજીના મંદિરની મુલાકાત દરમિયાન શ્રદ્ધાળુઓ અને ઋરુસ્વાસીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ તેમજ રોકાણ માટેના હૉલની વ્યવસ્થા અંગે માહિતી મેળવી હતી.

## ગણદેવીના શ્રી અંબિકા ગ્રામ કેળવણી ટ્રસ્ટ બોર્ડના નવા હોદ્દેદારોની બિનહરીફ વરણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા. ૧૨ :** ગડત શ્રી અંબિકા ગ્રામ કેળવણી ટ્રસ્ટ બોર્ડના સભ્યઓની સામાન્ય સભા રવિવારે યોજાઈ હતી. સભાનું સમગ્ર આયોજન ટ્રસ્ટી અમૃતભાઈ ખંડુભાઈ નાયકના પ્રમુખપણા હેઠળ સંપન્ન થયું હતું. વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૫ સુધી સતત ૨૫ વર્ષ સુધી મંડળના પ્રમુખપદે રહી શાળાને શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઈઓ આપનાર અમૃતભાઈએ સ્વેચ્છાએ આ જવાબદારી નવી પેઢીને સોંપવાની રજૂઆત કરી હતી. ટ્રસ્ટ બોર્ડ દ્વારા તેમની આ વિનંતીનો સ્વીકાર કરી, તેમના દીર્ઘ અનુભવને ધ્યાને રાખી નવા હોદ્દેદારોની પસંદગી કરવાની સંપૂર્ણ સત્તા તેમને સોંપવામાં આવી હતી. તેમના અધ્યક્ષસ્થાને આગામી પાંચ વર્ષની મુદત માટે ટ્રસ્ટ બોર્ડની નવી કારોબારીની સર્વાનુમતે બિનહરીફ વરણી જાહેર કરવામાં આવી હતી.

નવનિયુક્ત હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે સંદીપભાઈ બળવંતભાઈ નાયક, ઉપપ્રમુખ તરીકે મુકેશભાઈ ભીખુભાઈ નાયક, મંત્રી તરીકે પરિમલભાઈ ઈશ્વરભાઈ નાયક તથા દેવાંગ પરેશભાઈ નાયક અને ખજાનચી તરીકે નરેન્દ્રભાઈ નાથુભાઈ નાયકની બિનહરીફ પસંદગી કરવામાં આવી છે.

પૂર્વ પ્રમુખ અમૃતભાઈ નાયક તેમજ સમગ્ર ટ્રસ્ટ મંડળે નવા પદાધિકારીઓને હાર્દિક અભિનંદન પાઠવી શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યા હતા. નવનિયુક્ત હોદ્દેદારોએ પણ સંસ્થાના ગૌરવને જાળવી રાખી શાળાને પ્રગતિના પંથે આગળ ધપાવવા માટે સંપૂર્ણ કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## ચીખલીના સારવણી ખાતે આયુષ મેગા કેમ્પ યોજાયો

**૩૫૮થી વધુ ગ્રામજનોએ આરોગ્યલક્ષી સેવાઓનો લાભ લીધો**

**નવસારી, તા.૧૨ :** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નિયામક આયુષની કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી હેઠળ આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત નવસારી દ્વારા ચીખલી તાલુકા સ્થિત સારવણી ખાતે આયુષ મેગા કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય કાજલબેન મઢીકર દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી આયુષ શાખાની કામગીરી અને આયુષ મેળા વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અધ્યક્ષ માન. તુષારભાઈ પટેલે આયુર્વેદ અને હોમિયોપેથી પદ્ધતિ તથા ત્વરિત અગ્નિકર્મ ચિકિત્સાના ઉત્તમ પરિણામો વિશે જણાવી લોકોને તેનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી અને કેમ્પના સુચારુ આયોજન બદલ જિલ્લા આયુર્વેદ અધિકારી ડો. કાજલબેન મઢીકરને અભિનંદન પાઠવ્યા હતા.



આ આયુષ મેળામાં પોષણ માસની ઉજવણી અને આયુર્વેદના પ્રચાર-પ્રસાર અર્થે શાળાના બાળકો, મેડિકલ ઓફિસર સ્ટાફ તેમજ મહેમાનો દ્વારા સ્વસ્થ જીવનશૈલીના સૂત્રો સાથે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન આયુર્વેદ અને હોમિયોપેથિક પદ્ધતિથી તમામ રોગોનું નિદાન-સારવાર, પંચકર્મ, અગ્નિકર્મ ચિકિત્સા, જીરિયાટ્રીક ઓપીડી, પ્રકૃતિ પરીક્ષણ, દિનચર્યા-ઋતુચર્યા અને યોગ માર્ગદર્શન, યોગાસનોનું પ્રદર્શન, ઔષધીય વનસ્પતિનું પ્રદર્શન, હર્બલ ટી અને વિનામૂલ્યે ઔષધ વિતરણ જેવી સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ આયુષ મેગા કેમ્પમાં ૩૫૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન કૌશિકભાઈ પટેલ, સારવણીના સરપંચ હિતેશભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ નટુભાઈ પટેલ, ગણદેવી સુગર ફેક્ટરીના ડાયરેક્ટર હિતેશભાઈ પટેલ, . ડૉ. દિલીપભાઈ આહીર, મેડીકલ ઓફિસર, કાકડેવલ, આચાર્ય કલ્પેશભાઈ આહીર, ગ્રામ પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ગણદેવી તાલુકાના ઊંડાચ ખાતે આયુષ મેગા કેમ્પ યોજાયો



**નવસારી, તા.૧૨ :** નવસારી જિલ્લામાં આયુર્વેદ અને હોમિયોપેથી પદ્ધતિના પ્રચાર - પ્રસાર તથા લોકજાગૃતિના હેતુથી ઊંડાચ લુહાર ફળીયા ખાતે આયુષ મેગા સર્વરોગ નિદાન-સારવાર કેમ્પ યોજાયો હતો.

જિલ્લા આયુર્વેદ અધિકારી ડો. કાજલબેન મઢીકરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં આયુર્વેદ તથા હોમિયોપેથી દ્વારા નિદાન-સારવાર ઉપરાંત પ્રકૃતિ પરીક્ષણ, જીરિયાટ્રીક ઓપીડી, યોગ માર્ગદર્શન, દિનચર્યા-ઋતુચર્યા અંગે માર્ગદર્શન, ઔષધિ વિતરણ તથા ઔષધીય વનસ્પતિનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પોષણ માસ અંતર્ગત સ્વસ્થ જીવનશૈલી અંગે લોકજાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં યોગ નિદર્શન સહિત વિવિધ આયુષ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. આ કેમ્પમાં કુલ ૨૭૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો. આયુર્વેદ શાખા, નવસારી દ્વારા ગ્રામજનોને આયુષ પદ્ધતિ તથા સ્વસ્થ જીવનશૈલી અંગે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## ડાંગમાં RTI સપ્તાહ અંતર્ગત પરિસંવાદ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**આહવા, તા.૧૨ :** ભારત સરકાર દ્વારા દર વર્ષે તા.૫થી ૧૨ ઓક્ટોબર દરમિયાન માહિતી અધિકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે ગુજરાત માહિતી આયોગના માર્ગદર્શન હેઠળ આજરોજ ડાંગ જિલ્લા કલેક્ટર કચેરીના મુખ્ય સભાખંડ ખાતે વર્ચુઅલ માધ્યમથી વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સંવાદ-માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫નું અમલીકરણ અને જવાબદારીનું સુદ્રઢીકરણે વિષય પર આયોજીત આ પરિસંવાદમાં રાજ્ય માહિતી કમિશનર ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પરિસંવાદમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓને કાયદાના અસરકારક અમલીકરણ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં ડાંગ જિલ્લાના તમામ વિભાગોના જિલ્લા/તાલુકા કક્ષાના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. પારદર્શક અને જવાબદાર વહીવટ માટે RTI એક્ટની જોગવાઈઓનું ચુસ્ત પાલન થાય અને અરજીઓનો સમયસર નિકાલ આવે તે અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

**૧૦૯૮ ચાઈલ્ડ હેલ્પલાઈન અને ૧૧૨ની સંકલિત કામગીરીથી**

## ડાંગ જિલ્લામાં ઘરેથી નીકળી ગયેલા બાળકને માતા સાથે પુનઃજોડવામાં આવ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**આહવા, તા. ૧૨ :** ડાંગ જિલ્લામાં ઘરેથી નીકળી ગયેલા બાળકનું માતા સાથે સુખદ મિલન કરવામાં આવ્યું છે. જિલ્લા બાળ સુરક્ષા અધિકારીના માર્ગદર્શન હેઠળ ડાંગ ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ દ્વારા બાળકનું કાઉન્સેલિંગ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ ૧૧૨ની મદદથી બાળકને તેની માતાને સોંપી, આગળની કાર્યવાહી માટે કેસ બાળ કલ્યાણ સમિતિ (CWC) સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. બાળકની સુરક્ષા, સંભાળ અને હિતને પ્રાથમિકતા આપીને આગળની કાર્યવાહી માટે કેસ છ્હ્ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

તા. ૦૮/૧૦/૨૦૨૬ના રોજ બપોરે ૧:૨૨ વાગ્યે ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ પર ઘરેથી નીકળી ગયેલા એક બાળક અંગેનો કોલ પ્રાપ્ત થયો હતો. મળેલી માહિતી અનુસાર, ધોરણ ૧૧માં અભ્યાસ કરતું બાળક ઘરેથી નીકળીને એક પરિચિત સગીરાના ઘરે ગયું હતું.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારીના માર્ગદર્શન હેઠળ ડાંગ ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ની ટીમ દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ટીમ સંબંધિત સ્થળે પહોંચી હતી અને બાળક, પરિચિત સગીરા તથા તેના પિતા સાથે મુલાકાત કરી સમગ્ર પરિસ્થિતિની વિગતો મેળવી હતી.

૧૦૯૮ની ટીમ દ્વારા બાળક સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરીને ઘરેથી નીકળવાનાં કારણો અને તેની પરિસ્થિતિ સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાઉન્સેલિંગ દરમિયાન બાળકને પોતાની સુરક્ષા જાળવવા, પરિવારજનો સાથે સંવાદ જાળવવા તથા કોઈ સમસ્યા હોય તો ઘરેથી નીકળી જવાને બદલે પરિવારજનો અથવા વિશ્વાસુ વ્યક્તિની મદદ લેવા અંગે સમજણ આપવામાં આવી હતી. ઘરેથી જાણ કર્યા વિના નીકળી જવાથી ઊભી થઈ શકે તેવી મુશ્કેલીઓ અને જોખમો અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, પરિચિત સગીરા અને તેના પિતા સાથે પણ વાતચીત કરીને સમગ્ર પરિસ્થિતિ સમજવામાં આવી હતી. ૧૦૯૮ની ટીમ દ્વારા તેમને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાઉન્સેલિંગ બાદ બાળક પોતાના ઘરે પરત જવા માટે તૈયાર થયું હતું. બાળકની સુરક્ષા અને હિતને ધ્યાનમાં રાખીને ડાંગ ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮ની ટીમ દ્વારા ૧૧૨ની મદદ લેવામાં આવી હતી. ૧૦૯૮ અને ૧૧૨ વચ્ચેના સંકલનથી બાળકને સુરક્ષિત રીતે તેની માતાને સોંપવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકના હિતને ધ્યાનમાં રાખીને આગળની જરૂરી કાર્યવાહી માટે કેસ બાળ કલ્યાણ સમિતિ (CWC) સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. બાળકોની સંભાળ, સુરક્ષા અને હિતના રક્ષણ માટે કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને રક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ હેઠળ જોગવાઈઓ કરવામાં આવી છે. આ કાયદા હેઠળ સંભાળ અને રક્ષણની જરૂરિયાત ધરાવતા બાળકોની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે છે. બાળ કલ્યાણ સમિતિ (CWC) બાળકના શ્રેષ્ઠ હિતને ધ્યાનમાં રાખીને જરૂરી નિર્ણય અને આગળની કાર્યવાહી કરે છે.

## ઘેજ સહકારી મંડળીમાં ખાતરના વિતરણમાં ગેરરીતિ સામે તંત્રનો કડક પ્રહાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**નવસારી, તા.૧૨ :** ખેડૂતોને સબસીડીયુક્ત ખાતર પારદર્શક અને સમયસર મળી રહે તે હેતુથી નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી તપાસમાં ગેરરીતિ સામે આવતા કડક કાર્યવાહી કરવામાં આવી છે. ચીખલી તાલુકાના ઘેજ ખાતે આવેલી 'કાર્યકારી સહકારી મંડળી લિ.' માં વર્ષ ૨૦૨૩-૨૪ થી ૨૦૨૫-૨૬ દરમિયાન ખાતર વેચાણ સંબંધિત POS રેકોર્ડ, બિલબુક અને સ્ટોક રજિસ્ટરની સંયુક્ત તપાસ કરવામાં આવી હતી. તપાસમાં ખાતર નિયંત્રણ નિયમો અને ફોર્મની શરતોનો ભંગ માલૂમ પડતાં મંડળીનું ખાતર વેચાણ લાયસન્સ તા. ૦૧/૧૦/૨૦૨૫ થી રદ કરવામાં આવ્યું છે. આ ગંભીર ગેરરીતિ બદલ તા. ૦૭/૧૦/૨૦૨૫ ના રોજ ખેતી અધિકારી, ચીખલી દ્વારા જવાબદાર વ્યક્તિ ધર્મેશભાઈ છનાભાઈ પટેલ વિરુદ્ધ ચીખલી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવામાં આવી છે.


દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com


## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૩-૧૦-૨૦૨૬, **વાર :** મંગળવાર **તિથિ :** આસો સુદ, ત્રીજ, **સૂર્યોદય :** ૦૬ : ૩૯ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૨, **ચંદ્રોદય** - ૦૮:૫૩ **ચંદ્રાસ્ત** - ૦૭:૫૦ **ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - વિશાખા

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમારી ધીરજની કસોટી થઈ શકે છે. કાર્યસ્થળ પર જવાબદારીઓ વધવાથી દોડધામ રહેશે. ઉતાવળમાં કોઈ પણ નાણાકીય નિર્ણય લેવાનું ટાળવું.

**વૃષભ (બ, વ, ઉ) :** તમારા અટકેલા કાર્યો ફરી ગતિ પકડશે. વેપારમાં પ્રગતિની તકો છે. પારિવારિક વાતાવરણ સુખદ રહેશે, પરંતુ અચાનક ખર્ચ વધવાની સંભાવના છે.

**મિથુન (ક, ઘ, ચ) :** જૂના મતભેદો દૂર થશે અને માનસિક શાંતિનો અનુભવ કરશો. નાણાકીય બાબતોમાં સાવધાની રાખવી. કોઈપણ પ્રકારના મોટા રોકાણ માટે સમય અનુકૂળ નથી.

**કર્ક (ડ, હ) :** ભાગીદારીના વેપારમાં સાવધાન રહેવું. પારિવારિક જીવનમાં સુમેળ જળવાઈ રહેશે. આજે તમને કોઈ નવી અને સારી તક મળી શકે છે.

**સિંહ (મ, ટ) :** વ્યવસાયિક ક્ષેત્રે સફળતા મળશે, પરંતુ માનસિક તણાવથી દૂર રહેવું. આજે આરામ કરવો અને સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ફાયદાકારક રહેશે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે કોઈ મહત્વપૂર્ણ અને સાર્થક નિર્ણય લઈ શકો છો. બિનજરૂરી ખર્ચ પર કાબૂ રાખવો. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સમય સારો છે.

**તુલા (ર, ત) :** સામાજિક સંબંધોમાં ધીરજ રાખવાની જરૂર છે. જીવનસાથી સાથે વિવાદ ટાળવો અને વાણીમાં સંયમ રાખવો. સ્વાસ્થ્ય પ્રત્યે બેદરકાર ન રહેવું.

**વૃશ્ચિક (ન, ય) :** આર્થિક દ્રષ્ટિએ દિવસ થોડો પડકારજનક રહેશે. વાહન ચલાવતી વખતે વિશેષ સાવચેતી રાખવી. ગુસ્સા પર નિયંત્રણ રાખવું તમારા માટે હિતાવહ છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** તમારી આર્થિક સ્થિતિને મજબૂત બનાવવા માટે પ્રયત્નો કરશો. આજે કોઈ કિંમતી વસ્તુ ખરીદતા પહેલા વડીલોની સલાહ લેવી. પોતાની જાત પર વિશ્વાસ રાખવો.

**મકર (ખ, જ) :** તમારી રાશિમાં ચંદ્રનું ગોચર થઈ રહ્યું છે. અગાઉ કરેલા કાર્યોના સારા પરિણામો આજે મળશે. કોઈ જૂની ચિંતામાંથી મુક્તિ મળશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વ્યવસાયિક બાબતોમાં કોઈ પર આંધળો વિશ્વાસ ન કરવો. વધતા ખર્ચને લીધે માનસિક દબાણ અનુભવાય. ધીરજ રાખીને પરિસ્થિતિને સંભાળવી.

**મીન (દ, ચ, થ, ઝ) :** આત્મવિશ્વાસમાં વધારો થશે. વેપારમાં અટકેલા નાણાં પરત મળી શકે છે. પરિવાર સાથે સમય વિતાવવો લાભદાયી રહેશે અને માનસિક શાંતિ મળશે.

## દમણ રેડિયો

**102.3 FM**

आकाशवाणी

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 4 | | | | 9 | 3 | |
| | | 3 | 6 | | 2 | 1 | | |
| 6 | | 8 | | | | 4 | | 2 |
| | | | 1 | | 7 | | | |
| | | 5 | | 2 | | 6 | | |
| | | | 3 | | 6 | | | |
| 1 | | 9 | | | | 8 | | 3 |
| | | 6 | 9 | | 4 | 5 | | |
| | 3 | 7 | | | | 2 | 4 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 1 | 3 | 5 | 8 | 2 | 4 | 6 |
| 8 | 3 | 6 | 9 | 4 | 2 | 5 | 1 | 7 |
| 2 | 4 | 5 | 7 | 6 | 1 | 9 | 3 | 8 |
| 1 | 6 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 |
| 3 | 2 | 7 | 4 | 1 | 5 | 6 | 8 | 9 |
| 5 | 8 | 4 | 6 | 9 | 7 | 3 | 2 | 1 |
| 6 | 1 | 3 | 2 | 7 | 9 | 8 | 5 | 4 |
| 4 | 5 | 2 | 1 | 8 | 6 | 7 | 9 | 3 |
| 7 | 9 | 8 | 5 | 3 | 4 | 1 | 6 | 2 |

સ્થાનિક સમાચારો
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# તિથલ બીએપીએસ મંદિરે રંગોળી સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** સેવાના રંગ, રાષ્ટ્રના સંગ અંતર્ગત વલસાડના તિથલ સ્વામિનારાયણ મંદિરમાં પ્રાકૃતિક રંગો અને કુદરતી સામગ્રીના સર્જનાત્મક ઉપયોગથી કોલાજ વર્ક અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રકૃતિમાંથી પ્રાપ્ત વિવિધ સામગ્રી, રંગો અને કલાત્મક તત્વોના અનોખા સંયોજનથી તૈયાર થયેલી રંગોળીઓએ ઉપસ્થિત સૌનું વિશેષ ધ્યાન આકર્ષિત કર્યું હતું. જેમાં વિપુલ ડી. પટેલ (ડી. પી. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ), સતિષભાઈ પટેલ (કોસમકુવા પ્રાથમિક શાળા), ભરતભાઈ પટેલ (ડુંગરી સાર્વજનિક હાઈસ્કૂલ) તથા મિતાલી પટેલ (BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિર, ઈંગ્લીશ મીડીયમ)ની ટીમ દ્વારા સતત બે દિવસની અથાગ મહેનત, સર્જનાત્મકતા અને કલાત્મક અભિવ્યક્તિથી તૈયાર કરવામાં આવેલી રંગોળીએ સમગ્ર વલસાડ જિલ્લામાં ગ્રુપ વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યું હતું. જ્યારે પ્રકૃતિ, કલા અને રાષ્ટ્રભાવના એકસાથે જોડાય છે, ત્યારે માત્ર રંગોળી નહીં પરંતુ એક વિચાર, એક સંદેશ અને એક સુંદર રાષ્ટ્રીય અભિવ્યક્તિનું સર્જન થાય છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સમગ્ર ટીમને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી વલસાડ અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી વલસાડ દ્વારા રોકડ ઈનામ અને સર્ટિફિકેટ આપી સન્માન કરી અભિનંદન પાઠવ્યાં હતા.

# ધરમપુર-કપરાડાના બિસ્માર માર્ગોથી રાહદારી-વાહનચાલકોને ભારે મુશ્કેલી

## મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં વરસાદને કારણે રસ્તાઓ પર ખાડા અને ધૂળની ડમરીઓથી લોકો પરેશાન, માર્ગોનું તાત્કાલિક સમારકામ કરવા પૂર્વ કોર્પોરેટર ધીરજ પટેલની રજૂઆત





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ))

**ધરમપુર, તા. ૧૨ :** વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકાના વિવિધ માર્ગોની બિસ્માર હાલતને લઈને ધરમપુર નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર ધીરજ પટેલ દ્વારા મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમ વિભાગમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે. જેમાં ધરમપુર શહેરમાંથી પસાર થતા ધરમપુર-વલસાડ રોડ, ધરમપુર-વાંસદા રોડ તેમજ ધરમપુરથી કપરાડા અને વાપી તરફ જતા માર્ગોનું તાત્કાલિક સમારકામ કરાવવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, વરસાદને કારણે આ માર્ગો પર ઠેરઠેર મોટા ખાડા પડી જતાં ધૂળની ડમરીઓથી વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો માટે આ રસ્તાઓ પરથી પસાર થવું જોખમી બન્યું છે. રસ્તાઓની ખરાબ હાલતને કારણે અકસ્માતનો ભય પણ સતત સતાવી રહ્યો છે. વધુમાં જણાવાયું છે કે વરસાદના કારણે માર્ગો પર પડેલા ખાડાઓથી ધૂળની ડમરીઓના કારણે મોં ઉપર રૂમાલ મુકવાની ફરજ પડી રહી છે સ્થાનિક લોકોની અવરજવરમાં મુશ્કેલી ઊભી થઈ છે. રજૂઆતમાં માર્ગોની યોગ્ય જાળવણી અને સમારકામની કામગીરી સમયસર કરવામાં આવે તેવી જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે. પૂર્વ કોર્પોરેટર ધીરજ પટેલે સંબંધિત તંત્ર દ્વારા આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈ વહેલી તકે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.

# વાપીમાં નવરાત્રી પર્વે શોભાયાત્રા સાથે મા દૂર્ગાની પ્રતિમાની સ્થાપના થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી પંથકમાં શારદીય નવરાત્રિ પર્વને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નવરાત્રિના આગમનને વધાવવા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં દેવી-દેવતાઓનાં મંદિરોને રંગબેરંગી લાઈટિંગ, ફૂલો અને તોરણોથી શણગારવામાં આવ્યાં છે. જ્યારે ગામડાંઓમાં મુખ્ય મંદિરો ઉપરાંત વિવિધ ચોક અને ફળિયાઓમાં માતાજીના ગરબા રમવા માટેની તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલી રહી છે. બીજી તરફ, વાપી શહેરમાં વિવિધ સ્થળોએ મા દુર્ગાની પ્રતિમાની સ્થાપના કરાઈ હતી.

ખાસ કરીને બંગાળી સમાજ દ્વારા સ્થાપિત કરવામાં આવતી મા દુર્ગાની ભવ્ય અને આકર્ષક પ્રતિમાઓ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બનતી હોય છે. પ્રતિમાઓનાં દર્શન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોય છે. બંગાળી સમાજમાં દુર્ગાપૂજાનું વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ હોવાથી આ પર્વની ઉજવણી પરંપરાગત રીતિ-રિવાજો સાથે કરવામાં આવે છે.

આ વર્ષે પણ મા દુર્ગાની પ્રતિમાની સ્થાપનાને લઈને વાપીના જીઆઈડીસી વિસ્તારમાં ધાર્મિક માહોલ જોવા મળ્યો હતો. પ્રતિમાની સ્થાપના પૂર્વે કળશયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉત્સાહભેર જોડાઈ હતી.

## અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા

# વલસાડમાં સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપતો કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ તા ૧૨ :** શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડના મહિલા વિકાસ સેલ (Women Development Cell)ના સંયુક્ત ઉપક્રમે સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપતો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં PSI બી. જે. ત્રિપાઠીએ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમના વિવિધ સ્વરૂપો તથા તેનાથી બચવાના ઉપાયો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

પોલીસ બ્રાન્ચમાંથી ઉપસ્થિત રહેલા મિનાક્ષીબેન ટંડેલ, જેઓ ICW, વલસાડ ખાતે બેસે છે, તેમણે પણ જરૂરી માહિતી અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત અનિતાબેન દ્વારા પણ સાયબર સુરક્ષા અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં મહિલા સશક્તિકરણને પણ વિશેષ મહત્વ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત વિદ્યાર્થીઓએ સાયબર ક્રાઈમ તથા ડિજિટલ સુરક્ષા અંગે પ્રશ્નો પૂછીને નિષ્ણાતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમ જ્ઞાનવર્ધક, ઉપયોગી અને સમાજજાગૃતિ માટે પ્રેરણાદાયી રહ્યો હતો.



વાપી ટાઉન શાકભાજી માર્કેટમાં રવિવારથી દુર્ગાપૂજા મહોત્સવનો ભક્તિભાવ પૂર્વક આરંભ કરવામાં આવ્યો છે. શાકભાજી વેપારી મંડળ દ્વારા છેલ્લા ૨૬ વર્ષથી આ દુર્ગાપૂજા મહોત્સવ ઉજવવામાં આવે છે. શનિવારે વાજતે ગાજતે મા દુર્ગા સહિત ભગવાન ગણેશ, કાર્તિકેય વિગેરેની પ્રતિમા લાવવામાં આવી હતી અને આજે રવિવારના રોજ ભક્તિભાવ પૂર્વક પૂજા વિધિ સાથે સ્થાપન કરવામાં આવ્યું હતું. અહીં રોજ હજારો ભક્તો દર્શન કરે છે.

# માણેકપુરમાં આંગણવાડી લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા.૧૧ :** ઉમરગામ તાલુકાના માણેકપુર ગામે નવરાત્રીના પ્રથમ દિવસે ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે નવનિર્મિત આંગણવાડી, પંચાયત ભવન અને CCTV કેમેરાનું લોકાર્પણ તેમજ મુખ્ય માર્ગના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગામના સરપંચ અને તાલુકા સરપંચ સંઘના પ્રમુખ રાકેશભાઈ વઘાતના પ્રયાસોથી કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકરે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકાર છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવા તથા જનકલ્યાણકારી યોજનાઓના અમલીકરણ માટે સતત કાર્યરત છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશે ઐતિહાસિક નિર્ણયો સાથે વિશ્વમાં ગૌરવ મેળવ્યું છે. કુદરતી આપત્તિ સમયે પણ રાજ્ય સરકારે અસરગ્રસ્તોની પડખે રહી તાત્કાલિક સહાય પૂરી પાડી છે.

સરપંચ રાકેશભાઈ વઘાતે ગામમાં હાથ ધરાયેલા વિકાસકાર્યોની માહિતી આપી પંચાયત ભવનને ગામના વિકાસના આયોજન અને ગ્રામજનોની સુખાકારી માટેનું મહત્વપૂર્ણ કેન્દ્ર ગણાવ્યું હતું. તેમણે ઉપસરપંચ, સભ્યો અને કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો. કાર્યક્રમમાં ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નિરવ શાહ, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ, સરીગામ નોટિફાઈડ બોર્ડના ચેરમેન દિલીપભાઈ ભંડારી, ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંક પ્રેસવાલા, નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, વિવિધ ગામોના સરપંચો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# કપરાડા તાલુકા વન ભવનનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૨ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ રૂા.૧ કરોડના ખર્ચે નિર્મિત કપરાડા તાલુકા વન ભવનનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ અને કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે વન અને પર્યાવરણના સંરક્ષણ, કુદરતી સંપદાના જતન, સ્થાનિક વિસ્તારના સર્વાંગી વિકાસ તેમજ આદિવાસી સમાજના ઉત્થાનને લગતા વિવિધ વિષયો પર ઉત્સાહભેર સંવાદ કરવામાં આવ્યો હતો. ખાસ કરીને કપરાડા જેવા આદિવાસી અને ડુંગરાળ વિસ્તારની સ્થાનિક જરૂરિયાતો, વનવિસ્તારનું સંરક્ષણ, પર્યાવરણની જાળવણી અને પ્રજાજનોના જીવનધોરણમાં સુધારો લાવવા અંગે વિચારોનું આદાનપ્રદાન થયું હતું.

પ્રકૃતિનું જતન અને વિકાસનો સમન્વય સાધીને આવનારી પેઢી માટે હરિયાળું, સમૃદ્ધ અને વિકસિત ગુજરાત બનાવવાના સંકલ્પ સાથે આ કાર્યક્રમ પ્રેરણાદાયી બની રહ્યો હતો.

મહાનુભાવોએ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કરી વધુ વૃક્ષો વાવવાનો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય વન સંરક્ષક બી. સુચીન્દ્રા, નાયબ વન સંરક્ષક ડી. એન. રબારી, મદદનીશ વન સંરક્ષક અનુરાગ બાબેન અને સામાજિક વનીકરણ વલસાડના નાયબ વન સંરક્ષક રોહિત ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં.

# પાનસમાં વન અને પર્યાવરણ મંત્રીએ વનબંધુ મહિલાઓ સાથે સંવાદ કર્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસડ, તા. ૧૨ :** વલસાડ દક્ષિણ વન વિભાગ (રેન્જ-નાનાપોંઢા) દ્વારા નાનાપોંઢાના પાનસ ખાતે સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના માનનીય મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પણ ઉપસ્થિતિ રહ્યા હતાં.

કાર્યક્રમ દરમિયાન મંત્રી અર્જુન મોઢવાડિયાએ વન ધન વિકાસ કેન્દ્ર (VDVK) અને સહભાગી વન વ્યવસ્થા મંડળી (JFMC)ની મહિલાઓ દ્વારા સંચાલિત વિવિધ પ્રદર્શન સ્ટોલની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક ઉપજો અને જંગલ પેદાશ આધારિત ઉત્પાદનો વિશે ઝીણવટભરી માહિતી મેળવી હતી. ત્યારબાદ, મંત્રીએ વન ધન વિકાસ કેન્દ્ર અને સહભાગી વન વ્યવસ્થા મંડળીની મહિલા સભ્યો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ સંવાદનો મુખ્ય હેતુ વન વિસ્તારમાં રહેતા લોકોની આર્થિક પ્રવૃત્તિઓને -ોત્સાહન આપવા, મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને વન્ય પેદાશો થકી તેમની આજીવિકામાં સુધારો લાવવાનો હતો. મંત્રીએ મહિલાઓની કામગીરીને બિરદાવી તેમને સરકાર તરફથી મળતા જરૂરી સહકારની ખાતરી આપી હતી.

કાર્યક્રમમાં મુખ્ય વન સંરક્ષક બી. સુચીન્દ્રા, નાયબ વન સંરક્ષક ડી. એન. રબારી, મદદનીશ. એન સંરક્ષક અનુરાગ બાબેન અને સામાજિક વનીકરણ વલસાડના નાયબ વન સંરક્ષક રોહિત ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં.

# દમણમાં નવદુર્ગા પૂજા અને ફ્રી મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૧૨ :** ઉત્તર ભારતીય સર્વ સમાજ દમણ દ્વારા દુનેથા ગેટ સામેના વાડી સંકુલમાં ભવ્ય જાહેર નવદુર્ગા પૂજા અને મફત આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિઓ સાથે જાહેર સેવાની ભાવના સાથે આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો અને મહાનુભાવો હાજર રહ્યા હતાં.

માતા રાણીની મૂર્તિની સ્થાપના પહેલાં, ઉત્તર ભારતીય સર્વ સમાજ દમણ દ્વારા એક વિશાળ કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. કળશ યાત્રા દુનેથામાં જલદેવી માતા મંદિર નજીકના તળાવમાંથી પવિત્ર જળ વહન કરીને સ્થાપન સ્થળ પર પહોંચી હતી. ત્યારબાદ, નવદુર્ગા પૂજા યોગ્ય વિધિ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે, ભૂતપૂર્વ આરોગ્ય સચિવ, ડૉ. એસ.એસ. વૈશ્ય અને અન્ય મહાનુભાવોએ માતા દેવીના ચહેરા પરથી પડદો દૂર કર્યો અને તેમના આશીર્વાદ મેળવ્યા. કાર્યક્રમના ભાગ રૂપે માતા દેવીના આંગણામાં એક મફત આરોગ્ય શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ દ્વારા સમાજે ધાર્મિક શ્રદ્ધા સાથે જાહેર સેવાનો સંદેશ આપ્યો. આ પ્રસંગે રામશરણ, ભૈરવભાઈ સહિત સમાજના અનેક મહાનુભાવો અને સ્થાનિક નાગરિકો હાજર રહ્યાં હતાં.

# વાપીમાં યુવતીઓમાં ચણિયાચોળી યુવાનોમાં કેડિયા ભાડે લેવાનો ક્રેઝ વધ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૧૨ :** નવદુર્ગાની ભક્તિ અને આરાધનાના પર્વ નવરાત્રિનું પર્વ હવે માત્ર ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વાપી પંથકના યુવા યુવતીઓમાં આ નોરતામાં ગરબે ઘૂમવા નો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વાપી અને તેની આજુબાજુના વિસ્તારમાં રહેતા યુવા યુવતીઓ માટે હવે ગરબે ઘૂમવાનું પ્રોફેશનલ એક જ સ્થળ રહ્યું છે. પરંતુ હવે ખાસ કરીને પોતાની સોસાયટીઓમાં અને મોહલ્લામાં શેરી ગરબા એ પણ હવે વર્ચસ્વ જમાવ્યું છે એટલે મોટાભાગના યુવા યુવતીઓ પોતાના મોહલ્લામાં કે સોસાયટીઓમાં જ ગરબે ઘૂમવાનું નક્કી કરી દીધું છે અને ખાસ કરીને આ યુવા યુવતીઓએ નવરાત્રિના નવ દિવસ રાસ-ગરબા રમવા માટે યુવાનો અને યુવતીઓ અવનવા રંગબેરંગી ચણિયાચોળી અને કેડિયાનો પરિવેશ ધારણ કરતા હોય છે. ત્યારે વધતી જતી મોંઘવારીમાં યુવાનો-યુવતીઓ પોતાના શોખને સંતોષવા ચણિયાચોળી-કેડિયા સહિત પરંપરાગત વસ્ત્રો તેમજ દાગીના ભાડે લેવાનો ટ્રેન્ડ વધી રહ્યો છે. ગત વર્ષે ચણિયા ચોળીના ભાવ ૧૦૦૦થી લઈને રૂા.૩૦૦૦ સુધીના અને તેથી પણ વધુ ભાવો હતાં. આ વર્ષે એમાં વધારો થતાં યુવાવર્ગમાં નિરાશા જોવા મળી હતી. આથી વેપારીઓએ યુવકો કે યુવતીઓને ચણિયાચોળી-કેડિયું કે સુરવાલ ખરીદવા ન હોય તેમને રોજના રૂા.૩૦૦થી લઈને રૂા. ૧૨૦૦ સુધીના ભાડામાં ડ્રેસ આપવાનો ટ્રેન્ડ શરૂ કરતા તેને સારો એવો પ્રતિસાદ મળ્યો છે કારણ કે આ પ્રકારે ભાડે ચણિયાચોળી કે અન્ય ચીજો લેવાથી દરરોજ વિવિધતા જોવા મળે છે. તેમજ મનપસંદ વેરાયટી વાળી ચીજોનો ઉપયોગ કરી શકાય છે. તો બીજી તરફ ટ્રેડિશનલ વસ્ત્રો પર યુવતીઓને મનગમતા દાગીના એટલે કે હાર, જવેલરી પણ ખરીદી અને ભાડેથી લઈ રહ્યા છે. જોકે વાપીના મુખ્ય બજારમાં તેમજ ગુંજન વિસ્તારમાં તો અનેક દુકાનો પણ શરૂ થઈ છે. તો કેટલીક યુવતીઓ અને ખાસ કરીને વાપીમાં ગરબા ક્લાસીસ ચલાવતા સંચાલકો પણ આ ડ્રેસ વેચાણ અને ભળેથી આપવાની કામગીરી કરી રહ્યા છે.

વાપી પંથકમાં હવે પ્રોફેશનલ ગરબાનું આયોજન એક જ સ્થળે થતું હોય જેને લઈ યુવા યુવતીઓ પોતાની સોસાયટીઓમાં જ ગરબા રમવાનું પણ વધારે પસંદ કરી રહ્યા છે.

# મધુબન ડેમની રાજયના વન અને પર્યાવરણ મંત્રીએ મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૨ :** રાજ્યના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા તા. ૧૧ ઓક્ટોબરના રવિવારે સવારે ૮ કલાકે વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મધુબન ડેમ ખાતે પહોંચ્યા હતાં. જ્યાં તેમણે ડેમના બાંધકામ અને પાણી વહેંચણી તેમજ હવામાન અંગેની માહિતી મેળવી હતી. વલસાડ જિલ્લાના બે દિવસના પ્રવાસે પધારેલા મંત્રી અર્જુનભાઈએ શનિવારે રાત્રી રોકાણ કપરાડાના પીપરોળી વન ચોકીમાં રોકાણ કરી સવારે મધુબન ડેમમાં ૩ કિમિ સુધી બોટિંગ કરી મધુબન ડેમ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે ડેમમાંથી છોડવામાં આવતા પાણી, ફ્લડ કંટ્રોલ રૂમ, આ ડેમમાંથી વલસાડ સિવાય ક્યાં ક્યાં વિસ્તારને પાણી વહેંચણી કરવામાં આવે છે, ડેમની સ્થિતિ સહિતની ઝીણવટભરી માહિતી દમણગંગા ડેમના ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર પારસભાઈ પટેલે આપી હતી.

વલસાડ દક્ષિણ વન વિભાગના અધિકારી તેમજ કર્મચારીઓએ મંત્રી અર્જુનભાઈને આદિવાસી ઓળખ સમાન વારલી પેઈન્ટિંગ અને આદિવાસી વાદ્ય તારપુ સ્મૃતિ ચિન્હ તરીકે ભેટ આપી હતી.

મંત્રી અર્જુનભાઈએ મધુબન ડેમનો મનમોહક નજારો નિહાળી બાજુમાં જ આવેલા પીપરોળી ખાતે ઈકો ટુરિઝમના વિકાસ અંગે વન અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ પ્રસંગે વલસાડ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક ડો.બી.સૂચિન્દ્રા, વલસાડ દક્ષિણ વન વિભાગના નાયબ વન સંરક્ષક દિનેશભાઈ રબારી, મદદનીશ વન સંરક્ષક અનુરાગ બાબેલ તેમજ દક્ષિણ વન વિભાગના ફતેપુર રેન્જના આર.એફ.ઓ. મનીષા આહીર તેમજ અન્ય અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ઉડાન ધ વિંગ્સ ઓફ ટેલેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# વલસાડમાં શેરીગરબા સ્પર્ધાનું આયોજન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસડ, તા. ૧૨ :** ઉડાન ધ વિંગ્સ ઓફ ટેલેન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સતત છેલ્લા ૧૦ વર્ષથી, 'રંગરસિયા - ગરબે ઘૂમે ગુજરાત મહોત્સવ' નામથી ગુજરાતી સંસ્કૃતિના જતન સંવર્ધનના ભાગરૂપે શેરીગરબા, બેઠા ગરબા અને ઝેરીયું જેવી સ્પર્ધાઓનું આયોજન થતું આવ્યું છે. આ વર્ષે પણ તા. ૪ ઓક્ટોબર થી ૮ ઓક્ટોબર દરમિયાન ૮૧ જેટલી જંગી એન્ટ્રી સાથે દક્ષિણ ગુજરાતની સૌથી મોટી શેરીગરબાનું આયોજન થયું, જેમાં ૧૩૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આજે ગરબાનું વ્યાપારીકરણ થયું છે, ત્યારે આવા સમયે ઉડાન દ્વારા આ સ્પર્ધા માટે એકપણ રૂપિયાની એન્ટ્રી ફી લેવામાં આવતી નથી, આયોજક ડો. જાનકી ત્રિવેદીએ જણાવ્યું કે ગરબા એ ગુજરાતની ઓળખ અને અમૂલ્ય વિરાસત હોય, તેનું વ્યાપારીકરણ કરવાની જગ્યા એ; આપણી અમૂલ્ય સંસ્કૃતિનું જતન

**સતત ૧૦માં વર્ષે ૮૧ શેરીગરબાની એન્ટ્રી સાથે ૧૩૦૦ સ્પર્ધકો એ ભાગ લીધો**

કરીને, આપણી વિરાસતને વિશ્વ ફલક ઉપર ઉજાગર કરી, ગુજરાતની ગરિમાને વધુ ઉજાગર કરવી જોઈએ. જે અંતર્ગત સ્પર્ધકોમાંથી જે પણ ભાઈઓ કે બહેનોને સંતાનમાં દીકરીઓ હોય તેમને વિશેષ સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ સ્પર્ધાનું ઈનામ વિતરણ તા. ૧૦ ઓક્ટોબરે કોળી પટેલ સમાજની વાડીમાં આયોજન થયું હતું. જેમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહીને વિજેતાઓને ઈનામ આપ્યા હતાં. ૩૩ ટીમોને ટ્રોફી તેમજ રોકડ ઈનામ આપવામાં આવેલા હતાં. સંસ્થા દ્વારા એક નવી પહેલ શરુ કરવામાં આવી, જેમાં વર્ષોથી વલસાડ માટે જીવનારા વિરલ વ્યક્તિત્વો ડો. નયનાબેન દેસાઈ તથા ડો. અશોકભાઈ શાહ ને લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ એટલે કે વલસાડ ચિરંજીવી યોગદાન ગૌરવ સન્માન દ્વારા નવાજીને એમની આજીવન વલસાડ પ્રત્યેની સેવાનું અભિવાદન કરી બિરદાવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્પોન્સર્સ વીરચંદ ગોવનજી જવેલર્સ, મહેન્દ્રભાઈ શાહ, વેરસ્ટાઈલ - હાઉસ ઓફ ફેશન, ડીએલ ટ્રેડર્સ, ડો. નાઈલ દેસાઈ, ડો. નીલમ સોલંકી પઢીયાર, ઠાકોરભાઈ ઢીંમર - જલારામ ફાયનાન્સ, સંકલ્પ ઈટેરીનો, કિશોરભાઈ પટેલ, જાવેદ હબીબ સલોન તથા બોમ્બે બેકરી અને ફરસાણ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે ભાવનાબેન ચોખાવાલા, હેમાલીબેન ટંડેલ તથા તન્વીબેન પટેલ એ ફરજ બજાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ડો. જાનકી મુકેશભાઈ ત્રિવેદી એ ભારે જહેમત ઉઠાવી હતી.

# વિશેષ વાંચન

Tuesday 13, October 2026

દમણગંગા ટાઇમ્સ


● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ જગત ● ફિલ્મ




### ૧૫ મિનીટ શ્વાસ રોકયો, ૨૦ મીનીટ પાંપણ ઝપકાવ્યા વિના ધ્યાન કર્યુ

# વિદ્યુત જામવાલે હોલીવૂડ ફિલ્મ 'સ્ટ્રીટ ફાઈટર'માં એકશન કરતાં દેખાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

માર્શલ આર્ટ્સ અને યોગના મામલે માહિર બોલિવૂડ એક્ટર વિદ્યુત જામવાલનું નામ આ સમયે ચર્ચામાં બનેલું છે. વિદ્યુતે પોતાની ડેબ્યૂ હોલિવૂડ ફિલ્મ સ્ટ્રીટ ફાઈટરના ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન કંઈક એવું કરીને બતાવ્યું છે, જેણે દરેકને હેરાન કરી દીધા છે. આ દરમિયાન વિદ્યુતે લોકોની સામે ૧૫ મિનિટ સુધી શ્વાસ રોકીને ધ્યાન કર્યુ, જેનો વિડિયો સોશિયલ મીડિયા પર છવાઈ ગયો છે. સ્ટ્રીટ ફાઈટરના ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન વિદ્યુત જામવાલે મીડિયા અને તમામ લોકોની સામે અદ્ભુત સ્ટંટ કરીને બતાવ્યો. તેણે લગભગ ૧૫ મિનિટ સુધી પોતાના શ્વાસ રોકીને આશ્ચર્યજનક રીતે ધ્યાન કરી બતાવ્યું. એટલું જ નહીં ૨૦ મિનિટ સુધી વિદ્યુત પાંપણ ઝપકાવ્યા વગર મેડિટેશન કરતા દેખાયા, જેણે




દરેક કોઈને ચોંકાવી દીધા. તેમની આંખો ખુલ્લી રહી અને તેમાંથી સતત પાણી વહેતું રહ્યું, અભિનેતાના પગ પણ થોડા સમય પછી કાંપવા લાગ્યા. પરંતુ તે તસથી મસ ન થયો અને આ અદ્ભુત પરાક્રમ કરી બતાવ્યું. કમાન્ડો, ખુદા હાફિઝ અને ક્રેક ફિલ્મોમાં જબરદસ્ત એક્શન બતાવી ચૂકેલા વિદ્યુત જામવાલ હવે હોલિવૂડ ફિલ્મ સ્ટ્રીટ ફાઈટર માં એક્શન કરતો દેખાશે. હોલિવૂડમાં કામ કરવાને લઈને વિદ્યુતે કહ્યું- આ સ્વપ્ન તો મેં બિલકુલ પણ જોયું નહોતું.

જ્યારે હું અમેરિકામાં આ ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો તો ત્યાં મને એવો કોઈ માણસ ન મળ્યો, જેણે આ ગેમ રમી ન હોય. આ રમત અને આની દુનિયા વિશે જાણવું મારા માટે એક અદ્ભુત અનુભવ રહ્યો. હું એથલીટ હતો, તો હું વિડિયો ગેમ્સ નહોતો રમતો, હું સ્પોર્ટ્સમાં વધારે વ્યસ્ત રહેતો હતો. સ્પોર્ટ્સના ચક્કરમાં જ આ રોલ મળી ગયો. હવે મને લાગે છે કે મેં મારી પૂરી જિંદગી કામ આ ફિલ્મ મેળવવા માટે કર્યુ. સાચું કહે છે, તમે મહેનત કરતા રહો, જે મળવાનું હશે તે તમારા સુધી પહોંચી જ જશે. તમને જણાવી દઈએ કે ફિલ્મ સ્ટ્રીટ ફાઈટરને ૧૬ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ કરવામાં આવશે. આ મૂવીમાં વિદ્યુત ધલસિમનું પાત્ર ભજવી રહ્યો છે.

આગળ હોલિવૂડ અને બોલિવૂડની કાર્યશૈલીમાં અંતર પર વિદ્યુતે કહ્યું- મેં આટલી વધારે શિસ્ત કોઈ ફિલ્મના સેટ પર પહેલીવાર જોઈ. સેટ પર તમામ ૩૦૦ લોકો એક જેવી જ શિસ્તનું પાલન કરી રહ્યા હતા. ત્યાં કોઈ પણ કલાકાર પછી તે ગમે તેટલા મોટા સુપરસ્ટાર કેમ ન હોય, તેમને મોડા થવાનું ખબર જ નથી. જો ક્યાંક કોઈ એક મિનિટ મોડું થઈ ગયું, તો તેમને ફોન જાય છે કે ક્યાંક તમે હોસ્પિટલમાં તો નથી ને. આ બંને ઈન્ડસ્ટ્રીમાં એક મોટો તફાવત છે.

### ટીવીની રામાયણની રામ-સીતા સૌથી લોકપ્રિય જોડી

# ૩૯ વર્ષે અરૂણ ગોવિલ અને દિપિકા નોટીસ ફિલ્મમાં સાથે આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

૧૯૮૭માં ટેલિવિઝન પર પ્રસારિત થયેલી રામાનંદસાગરની ધારાવાહિક રામાયણમાં રામની ભૂમિકા ભજવનાર અરૂણ ગોવિલ અને સીતાની ભૂમિકા ભજવનાર દિપિકા ચિખલિયા હવે ૩૯ વર્ષ બાદ પ્રદીપ ગુપ્તા નિર્દેશિત ફિલ્મ 'નોટીસ'માં ફરી સાથે કામ કરશે. નિર્માતા આદિત્ય પ્રતાપસિંહ રઘુવંશીએ જણાવ્યું હતું કે નોટીસ ફિલ્મએ ગામમાં વસતાં સામાન્ય માણસની ભ્રષ્ટ સિસ્ટમ સામે ન્યાય મેળવવાની લડતની કથા રજૂ કરશે. આધુનિક જમાનાના રામસીતા તરીકે આ ફિલ્મમાં અરૂણ ગોવિલ અને દિપિકા ચિખલિયા જોવા મળશે. આ ફિલ્મના કેન્દ્રમાં ૧૫૦ વર્ષ જુની દુકાન છે જે વિકાસ કરવાના નામે સરકારી તંત્ર દ્વારા હડપ કરી લેવામાં આવે છે. જેને પાછી



મેળવવાનો સંઘર્ષ આધુનિક રામસીતા કરે છે. આ આજની રામાયણ છે તેમ રઘુવંશીએ ઉમેર્યુ હતું. અરૂણ ગોવિલે આઠ નવેમ્બરે રજૂ થનારી નિતેશ તિવારીની ફિલ્મ રામાયણ ભાગ ૧માં 'રાજા દશરથ'ની ભૂમિકા ભજવી છે. અરૂણ ગોવિલ અને દિપિકા ચિખલિયાએ રામાયણ બાદ ટીવી ધારાવાહિક 'લવકુશ'માં પણ રામસીતાની ભૂમિકાઓ ભજવી હતી.

# ઈમરાન હાશ્મીની ફિલ્મ 'આવારાપન ૨' ઓટીટી પર રિલીઝ કરવામાં આવી

## વર્ષ ૨૦૦૭માં આવેલી ઈમરાન હાશમીની ફિલ્મ 'આવારપન'ની સિક્વલ 'આવારપન-૨' ફેન્સને ખૂબ જ પસંદ પડી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ: બોલિવૂડની ફિલ્મો OTT પર ક્યારે આવે એની ફેન્સ રાહ જોઈને બેઠા હોય છે. ચાહકલવર્ગમાં તમામ લોકો થિયટરમાં જઈને ફિલ્મ જોતા નથી. OTT પર ફિલ્મ આવી જતા લોકો મોબાઈલ પર સમગ્ર ફિલ્મનો આનંદ માણતા હોય છે. આ ઉપરાંત સબસ્ક્રિપ્શનમાં ફિલ્મ સરળતાથી મળી રહેતા લોકો ગમે ત્યારે સમય મળે ત્યારે ફિલ્મો જોઈ નાંખે છે. 15 ઓગસ્ટના દિવસે રિલીઝ થયેલી સની દેઓલની ફિલ્મ 'બટવારા 1947' અને ઈમરાન હાશમીની ફિલ્મ 'આવારપન-2' એ દમદાર વીકએન્ડ બનાવ્યો હતો. વર્ષ 2007માં આવેલી ઈમરાન હાશમીની ફિલ્મ 'આવારપન'ની સિક્વલ 'આવારપન-2' ફેન્સને ખૂબ જ પસંદ પડી છે. દર્શકોમાં એમનો એક ક્રેઝ જોવા મળ્યો હ તો. આનો પૂરો ફાયદો બોક્સ ઓફિસ પર જોવા મળ્યો હતો. દુનિયાભરમાંથી ફિલ્મે 1 213 કરોડનો વકરો કર્યો હતો. ફિલ્મ પણ સુપરહિટ સાબિત થઈ અને ગીત હજુ પણ ફેન્સના




પ્લેલીસ્ટમાં કાયમ છે. 'આવારપન-2' ઓફિશિયલ તરીકે OTT પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રિમ થઈ રહી છે. ફિલ્મમાં ઈમરાન હાશમી, દિશા પાટણી, શબાના આઝમી તથા પુરન ગબ્બી લીડ રોલમાં હતા. ફિલ્મના ગીત પણ દમદાર રહ્યા હતા. આ ફિલ્મથી ફેન્સને ફરી ઓરિજિનલ ફિલ્મના ગીતની યાદ આવી ગઈ હતી. 'આવારપન-2' એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રિમ થઈ ચૂકી છે. 9 ઑક્ટોબરના રોજ ફિલ્મને આ પ્લેટફોર્મ પર મૂકી દેવામાં આવી હતી. થિયટર્સમાં ધૂમ મચાવ્યા બાદ ફિલ્મ હવે ઓટીટી પ્લેટફોર્મ પર અસર ઊભી કરવા માટે તૈયાર છે. એક લાંબા સમય બાદ ઈમરાન હાશમી 'શિવમ પંડિત' ના રોલથી કમબેક કરી રહ્યો છે. 'આવારપન-2' પછી તેની ફિલ્મ 'ગન માસ્ટર' પણ આવી રહી છે. આ ફિલ્મને ફર્સ્ટલૂક સામે આવ્યો છે. આશરે બે દાયકા બાદ આવેલી ફિલ્મ સિક્વલમાં શિવમના ભૂતકાળ સાથે સ્ટોરી શરૂ થાય છે પણ ત્રીજો ભાગ આવશે એવી ફેન્સમાં ચર્ચા છે. કારણ કે મુખ્ય વિલન હજુ જીવે છે. શિવમની સફર અહીંયા જ ખતમ થતી નથી. ફિલ્મના અંતિમ સીનમાં બેંકોકના અંડરવર્લ્ડમાં વિખેરાયેલા તાર અને એક નવા વિલનની હિંટ મળે છે. જે એવું દર્શાવે છે કે, શિવમની લડાઈ હજુ યથાવત છે. મેકર્સે જે રીતે ફિલ્મને અંત આપ્યો છે એના પરથી ફેન્સને અંદાજો આવી જાય છે કે, ખરેખર ફિલ્મનો ત્રીજો ભાગ ધમાકેદાર રહેવાનો છે. પણ ઘણા ફેન્સને હજુ પણ પહેલો ભાગ ગમી રહ્યો છે. ખાસ કરીને આશુતોષ રાણાનો અભિનય ખૂટી રહ્યો છે.

# નાના પાટેકરની હજી પાંચ ફિલ્મો થિયેટર્સમાં રજૂ થવાની બાકી




(સંપૂર્ણ સમાચાર સેવા)

૭૫ વર્ષની વયે ગોવામાં અવસાન પામેલાં પીઢ અભિનેતા નાના પાટેકરની હજી પાંચ ફિલ્મો રજૂ થવાની બાકી છે. રસપ્રદ બાબત એ છે કે આ પાંચે ફિલ્મો એકમેકથી સાવ અલગ જ પ્રકારની છે. નાનાની રજૂ ન થયેલી ફિલ્મોમાં આદિત્ય સરપોતદાર નિર્દેશિત હોરર કોમેડી 'શક્તિ શાલિની', લક્ષ્મણ ઉતેકર નિર્દેશિત બાયોગ્રાફિકલ ફિલ્મ 'ઈઠા', અનંત મહાદેવન નિર્દેશિત ક્રાઈમ ડ્રામા ફિલ્મ 'કન્ફેશન ઓફ મેરી', શરણ શર્મા નિર્દેશિત રોમાન્ટિક કોમેડી ફિલ્મ 'કુકુ કી કુંડલી' અને રાજેશ્વર પાંડે રાજ નિર્દેશિત ફિલ્મ 'વેદાંત'નો સમાવેશ થાય છે. આ પાંચ ફિલ્મોમાંથી એક 'કન્ફેશન ઓફ મેરી' ફિલ્મને ટોરોન્ટો ફિલ્મ ફેસ્ટિવલમાં દર્શાવવા માટે પસંદ કરવામાં આવેલી છે. નાના તેમના અવસાન પૂર્વે આ ફિલ્મને ડબ કરવા મુંબઈ આવવાના હતા તેમ ફિલ્મના સહનિર્માતા સુભાષ કાળેએ જણાવ્યું હતું. આ પાંચ ફિલ્મોમાંથી સૌથી પહેલાં 'ઈઠા' ફિલ્મ ચોથી ડિસેમ્બરે થિયેટર્સમાં રિલિઝ થવાની છે.

# સલમાન ખાનની 'માતૃભૂમિ'ને આખરે સરકારે આપી લીલી ઝંડી



(સંપૂર્ણ સમાચાર સેવા)

સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ'ની થિયેટર રિલીઝનો માર્ગ હવે મોકળો થયો છે. અગાઉ 'બૅટલ ઑફ ગલવાન' નામે જાહેર થયેલી આ ફિલ્મને આ વર્ષે 'માતૃભૂમિ' નામ આપવામાં આવ્યું હતું. ફિલ્મ 2020માં ભારત અને ચીન વચ્ચે થયેલા ગલવાન સંઘર્ષની પૃષ્ઠભૂમિ પર આધારિત છે. અહેવાલ મુજબ ફિલ્મની સામગ્રી અને તેમાં ચીનના ઉલ્લેખને લઈને સરકારી સ્તરે વાંધા ઉઠાવવામાં આવ્યા હતા, જેના કારણે તેની રિલીઝમાં વિલંબ થયો હતો. ફિલ્મનું દિગ્દર્શન અપૂર્વ લાખિયા કરી રહ્યા છે. 2020ના ગલવાન સંઘર્ષની પૃષ્ઠભૂમિને કારણે ફિલ્મની જાહેરાત બાદથી જ તેના કન્ટેન્ટને લઈને રસ રહ્યો છે. આ અંગેના અહેવાલ મુજબ ફિલ્મના નિર્માતાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા સુધારેલા વર્ઝનથી માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિકારીઓને સંતોષ થયો છે. ત્યારબાદ ગયા અઠવાડિયે ફિલ્મને થિયેટર રિલીઝ માટે NOC (નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ) આપવામાં આવ્યું હોવાનું અહેવાલમાં જણાવાયું છે. અહેવાલ મુજબ સરકારી સૂચનાઓ બાદ ફિલ્મમાં નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. સુત્રના જણાવ્યા અનુસાર 'માતૃભૂમિ'નું નવું વર્ઝન મૂળ આવૃત્તિ કરતાં ઘણું અલગ છે. તેમાં ભારત અને ચીનના સંબંધોને પણ સકારાત્મક દૃષ્ટિકોણથી રજૂ કરવામાં આવ્યા છે. હવે ફિલ્મની રિલીઝ માટે આગામી મહત્વનું પગલું સેન્સર પ્રક્રિયા છે. અહેવાલ અનુસાર નિર્માતાઓ ટૂંક સમયમાં ફિલ્મને સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC) સમક્ષ રજૂ કરશે. જો CBFCની પ્રક્રિયા આ મહિનામાં પૂર્ણ થાય તો સલમાન ખાન અને તેમની ટીમ 13 નવેમ્બરે ફિલ્મને સિનેમાઘરોમાં લાવવાનો વિચાર કરી રહી છે. જોકે અંતિમ રિલીઝ તારીખ અંગે આગામી દિવસોમાં વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે. 'માતૃભૂમિ'માં સલમાન ખાનની સાથે ચિત્રાંગદા સિંહ મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મનું દિગ્દર્શન અપૂર્વ લાખિયા કરી રહ્યા છે. 2020ના ગલવાન સંઘર્ષની પૃષ્ઠભૂમિને કારણે ફિલ્મની જાહેરાત બાદથી જ તેના કન્ટેન્ટને લઈને રસ રહ્યો છે. હવે સરકારી NOC મળ્યા બાદ ફિલ્મની થિયેટર રિલીઝની પ્રક્રિયા આગળ વધી છે, જોકે અંતિમ નિર્ણય CBFCની મંજૂરી બાદ જ થશે.

# કિંગ સાથે ટક્કર ટાળવા અનીત પડ્ડાની 'શક્તિ શાલિની'ને માર્ચમાં ધકેલાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

હોરર કોમેડી 'શક્તિ શાલિની'ને ક્રિસમસ એટલે કે ડિસેમ્બર ૨૦૨૬માં રજૂ કરવાની યોજના બદલી તેને હવે માર્ચ મહિનામાં રીલિઝ કરવાની વિચારણા થઈ રહી છે. ડિસેમ્બરમાં શાહરુખ ખાનની મેગાબજેટ ફિલ્મ 'કિંગ' આવી રહી છે તેની સાથે બોક્સ ઓફિસ પર ટક્કર ટાળવા માટે 'શક્તિ શાલિની'ની રીલિઝને માર્ચમાં ધકેલવામાં



આવી રહી છે. જાન્યુઆરીમાં 'લવ એન્ડ વોર' અને 'ગોલમાલ ફાઈવ' આવી રહી છે તો ફેબ્રુઆરીમાં 'નાગઝિલ્લા' અને 'મુપાપા' રિલિઝ થવાની છે. પરંતુ માર્ચમાં કોઈ મોટી ફિલ્મ રજૂ થવાની ન હોઈ અનીત પડ્ડાની બીજી ફિલ્મને મોકળું મેદાન મળી રહે તે માટે માર્ચમાં રજૂ કરાશે. 'શક્તિ શાલિની' ફિલ્મમાં અનીત પડ્ડાની સાથે વિશાલ જેઠવા મુખ્ય ભૂમિકામાં છે. નાના પાટેકરની આ છેલ્લી ફિલ્મ બની રહેશે. આ ફિલ્મનું નિર્દેશન આદિત્ય સરપોતદારે કર્યુ છે.

**'શક્તિ શાલિની' ફિલ્મમાં અનીત પડ્ડાની સાથે વિશાલ જેઠવા મુખ્ય ભૂમિકામાં છે. નાના પાટેકરની આ છેલ્લી ફિલ્મ બની રહેશે**

# આયુષ્માન ખુરાનાની ફિલ્મ 'ઉડતા તીર'ની રિલીઝ ટળી



(સંપૂર્ણ સમાચાર સેવા)

આયુષ્માન ખુરાનાની ફિલ્મ 'ઉડતા તીર'ની રિલીઝ તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ફિલ્મ અગાઉ ૯ ઑક્ટોબરે સિનેમાઘરોમાં આવવાની હતી, પરંતુ હવે તે ૨૩ ઑક્ટોબરે રિલીઝ થશે. ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શે સોશિયલ મીડિયા પર આ માહિતી શેર કરી છે. અહેવાલ મુજબ નિર્માતાઓએ ફિલ્મની રિલીઝ માટે વધુ અનુકૂળ સમયગાળો મેળવવા આ નિર્ણય લીધો છે. ૯ ઑક્ટોબરના સમયગાળામાં અન્ય ફિલ્મોની સંખ્યાને ધ્યાનમાં રાખીને 'ઉડતા તીર'ને વધુ ખુલ્લી થિયેટર વિન્ડો મળે અને તેને દર્શકો સુધી પહોંચવા માટે પૂરતો અવકાશ મળે તે હેતુથી રિલીઝ બે અઠવાડિયા પાછળ ધકેલવામાં આવી છે. હવે ફિલ્મ ૨૩ ઑક્ટોબરના વીકએન્ડને ધ્યાનમાં રાખીને સિનેમાઘરોમાં રિલીઝ કરવામાં આવશે. 'ઉડતા તીર'માં આયુષ્માન ખુરાના સાથે સારા અલી ખાન, ગુલશન ગ્રોવર, મુકુલ દેવ અને રામ કપૂર પણ મહત્વની ભૂમિકામાં છે. ફિલ્મના નામ અને અત્યાર સુધી સામે આવેલા પ્રમોશનલ મટિરિયલને કારણે ફિલ્મ અંગે ઉત્સુકતા જોવા મળી છે. ફિલ્મમાં આયુષ્માન ફરી એક અલગ પ્રકારના પાત્રમાં જોવા મળશે. હવે ૨૩ ઑક્ટોબરની રિલીઝને ધ્યાનમાં રાખીને ફિલ્મનું આગામી પ્રમોશનલ કેમ્પેઈન આગળ વધશે.

# કમલ હાસન ઈન્ડિયન થ્રીમાં સેનાપતિ તરીકે જોરદાર પુનરાગમન કરશે

## કમલ હાસનની પહેલી ઈન્ડિયન ૧૯૯૬માં આવી હતી જેમાં તેણે સ્વતંત્રસેનાનીની ભૂમિકા ભજવેલી



(સંપૂર્ણ સમાચાર સેવા)

સેનાપતિ ઈઝ બેક વીથ ઝીરો ટોલરન્સ લાઈન સાથે શંકર નિર્દેશિત ફિલ્મ 'ઈન્ડિયન થ્રી'નું પોસ્ટર બહાર પાડવામાં આવ્યું છે. પોસ્ટરમાં કમલ હાસનને સેનાપતિ તરીકે દર્શાવવામાં આવ્યો છે. ૧૯૯૬માં આવેલી 'ઈન્ડિયન'માં કમલ હાસને એક એવા સ્વતંત્રસેનાનીની ભૂમિકા ભજવી હતી જે ભ્રષ્ટાચાર સામે જંગ ખેલે છે. ત્રણ દાયકા બાદ તેની સિક્વલ 'ઈન્ડિયન ટુ' ૨૦૨૪માં આવી હતી જેને બોક્સ ઓફિસ પર ધાર્યો પ્રતિસાદ મળ્યો નહોતો.

'ઈન્ડિયન થ્રી' એ તમિલ એક્શન ડ્રામા છે જેનું નિર્માણ લાયકા પ્રોડકશન્સ દ્વારા કરવામાં આવશે. 'ઈન્ડિયન ટુ'માં અધૂરી મુકવામાં આવેલી વાર્તાને 'ઈન્ડિયન થ્રી'માં પુરી કરવામાં આવી છે. 'ઈન્ડિયન' ફિલ્મ કમલહાસનની કારકિર્દીમાં મહત્વની ફિલ્મ પુરવાર થઈ છે અને હવે ઈન્ડિયન ફ્રેન્ચાઈઝનો ધમાકેદાર અંત જોવા દર્શકો આતુર છે.

# ઈક્કા ટુમાંથી અક્ષય ખન્નાની બાદબાકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

આ વર્ષની શરૂઆતમાં રજૂ થયેલી કોર્ટરૂમ ડ્રામા 'ઈક્કા'ને મળેલી સફળતાને પગલે નિર્દેશક સિદ્ધાર્થ પી. મલ્હોત્રા હવે 'ઈક્કા ટુ' બનાવવાની તૈયારીમાં લાગી ગયા છે. સની દેઓલ ફરી હિરો તરીકે રીપિટ થશે પરંતુ આ વખતે અક્ષય ખન્નાની બાદબાકી થઈ ગઈ છે. જોકે, અક્ષય ખન્નાએ કયાં કારણોસર આ ફિલ્મ છોડી છે તે હજુ જાહેર કરાયું નથી. ઉલ્લેખનીય છે કે અગાઉ 'દ્રશ્યમ ટુ'માં ભૂમિકા ભજવનારા અક્ષય ખન્નાએ 'દ્રશ્યમ થ્રી'માં છેલ્લી ઘડીએ રોલ કરવાનો ઈનકાર કરી દીધો હતો. હાલ 'ઈક્કા ટુ'ની સ્ટોરી લખાઈ રહી છે. એકવાર પટકથા લખાઈ જાય તે પછી આવતાં વર્ષથી ફિલ્મનું પ્રોડકશન શરૂ કરવામાં આવશે. સની દેઓલ નિતિશ તિવારીની 'રામાયણ'માં હનુમાનનું પાત્ર ભજવી રહ્યો છે જ્યારે 'ધુરંધર'ની સફળતા બાદ અક્ષય ખન્ના



'મહાકાલી' ફિલ્મમાં શુક્રાચાર્યની ભૂમિકા ભજવી રહ્યો છે. 'બોર્ડર' ફિલ્મમાં સની અને અક્ષયે સાથે કામ કર્યુ તેના ત્રણ દાયકા બાદ કોર્ટરૂમ ડ્રામા 'ઈક્કા'માં તેઓ ફરી સાથે જોવા મળ્યા હતા.

# આમધા ગામ શોર્ટ ફિલ્મ - ગીત બનાવવા માટે કલાકારોનું જાણીતું ડેસ્ટીનેશન બન્યું

● ધરમપુર રજવાડાના ઇતિહાસ સાથે જોડાયેલું આમધા ગામ ઘેઘૂર જંગલો અને પહાડી સૌંદર્યથી સજ્જ ● માવલી માતાથી ડુંગર દેવ સુધીના પરંપરાગત દેવસ્થાનો અને લોકઉત્સવો થતી સંસ્કૃતિ જાળવી રાખતું ગામ ● વારલી કળા, તારપા નૃત્ય અને રમણીય ટેકરીઓને કારણે પ્રવાસીઓ માટે પણ આકર્ષણનું કેન્દ્ર



(ઉમેશ બાવીસા દ્વારા)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાનું આમધા ગામ સહ્યાદ્રિની પર્વતમાળાઓ અને ઘેઘૂર જંગલોની વચ્ચે સ્થિત છે. ઐતિહાસિક રીતે આ વિસ્તાર પ્રાચીન રામનગર (ધરમપુર) સ્ટેટનો ભાગ રહ્યો છે. પહાડી ભૂપૃષ્ઠ, ટેકરીઓ અને નદી-ઝરણાંથી ઘેરાયેલું હોવાથી આ ગામ ચોમાસા દરમિયાન પ્રાકૃતિક અને પ્રવાસન દ્રષ્ટિએ અત્યંત સુંદર બની જાય છે. આમધા ગામ પહાડી હવામાન, લોકસંસ્કૃતિ અને પ્રકૃતિપ્રેમીઓ માટે એક વિશેષ ઓળખ ધરાવે છે. આઝાદી પહેલા ધરમપુરના મહારાણા વિજયદેવજી અને રાણા મોહનદેવજીના સમયમાં કપરાડા વિસ્તારના ગામો રાજપૂત શાસકો અને સ્થાનિક આદિવાસી નાયકો/મુખીઓ વચ્ચેના સુમેળભર્યા સંબંધો માટે જાણીતા હતા. રાજાઓ દ્વારા જંગલ વિસ્તારની સુરક્ષા અને કરવેરા માટે ગામના મુખી (પટેલ)ની નિમણૂક કરવામાં આવતી. સિસોદિયા વંશની સ્થાપના ઈ.સ. ૧૨૬૨માં ચિત્તોડગઢ (મેવાડ)થી આવેલા સિસોદિયા રાજપૂત કુંવર રામશાહે (રામસિંહે) દક્ષિણ ગુજરાતના પહાડી વિસ્તારમાં સ્થાનિક શાસકોને પરાસ્ત કરી રામનગર રાજ્યની સ્થાપના કરી હતી. ૧૭મી સદીમાં જ્યારે છત્રપતિ શિવાજી મહારાજે સુરત પર ચડાઈ કરી (૧૬૬૪ અને ૧૬૭૦) ત્યારે તેમના સૈન્યે ધરમપુરના ઘનઘોર જંગલો અને પહાડી માર્ગોનો ઉપયોગ કર્યો હતો. પેશ્વા અને ગાયકવાડ શાસન દરમિયાન ધરમપુરના મહારાણાઓએ આમધા જેવા પહાડી ગામો અને જંગલોના કુદરતી રક્ષણના બળે પોતાની આંતરિક સ્વાયત્તતા જાળવી રાખી હતી. રાજા વિજયદેવજીનો સુવર્ણકાળ (૧૯૨૧ - ૧૯૪૭) સ્વતંત્રતા પહેલાં ધરમપુરના અંતિમ પ્રબુદ્ધ શાસક મહારાણા વિજયદેવજીના સમયમાં આ વિસ્તારમાં રસ્તાઓ, પાણી અને પ્રાથમિક શિક્ષણનો પાયો નંખાયો હતો. આમધા ખુબ જ રમણીય વાતાવરણ ધરાવતુ હોવાથી અહીં સ્થાનિક કલાકારો શોર્ટ ફિલ્મ કે ગીત બનાવવા માટે આવતા હોય છે. અહીં માવલી માતાનું સ્થાનક પણ છે. તાજેતરમાં વલસાડ પોલીસ વિભાગ દ્વારા આમધા ટેકરી પર વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું છે. દેવસ્થાન અને પરંપરાગત ઉત્સવોં આમધા અને આસપાસના ગામોમાં સીમાડીયા દેવ, ડુંગર દેવ, અને કંસારી દેવી (અન્ન મહોત્સવ) ની પરંપરાગત પૂજાનો મોટો મહિમા છે. ગામમાં પાક લણણી સમયે ઉજવાતો "હવાઈ" અને "ડોંગર દેવ" નો મેળો/ઉત્સવ પેઢીઓથી ચાલ્યો આવે છે. વારલી આર્ટ અને લોકકળાઁ આ વિસ્તારનો ઈતિહાસ વારલી ચિત્રકળા અને પરંપરાગત તારપા નૃત્ય સાથે પણ જોડાયેલો છે, જે ધાર્મિક અને સામાજિક -સંગોએ કરવામાં આવે છે.

### કઈ રીતે પહોંચી શકાય

રસ્તા-વાહનવ્યવહારઁ આમધા ગામ પંચાયતી રસ્તાઓ અને સ્ટેટ હાઈવે સાથે જોડાયેલું છે, જેથી ધરમપુર અને વલસાડ તાલુકા મથકે પહોંચવું સરળ રહે છે. મોટી વહીયાળ અને નાનાપોંઢા થઈને જઈ શકાય છે. અરણાઈ ગરમ પાણીના ઝરા પણ નજીકનું પ્રવાસન સ્થળ છે.

આપનું અખબાર : આપનો અવાજ
DGT
# વલસાડ તાલુકા વિશેષ
● વલસાડ
●અતુલ
●ગુંદલાવ
● ડુંગરી
પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ (૦૨૬૩૨) ૨૪૪૩૧૦
મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટને 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ'માં સ્થાન મળ્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** માનવસેવા, સેવાભાવ અને સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં માત્ર ૧૨ કલાકમાં ૩,૬૨૧ બ્લડ યુનિટ એકત્રિત કરવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. આ સિદ્ધિને India Book of Records દ્વારા માન્યતા મળતાં રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ, ટ્રસ્ટના પ્રમુખ ચિંતનભાઈ પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા ના નામે પ્રમાણપત્રો તેમજ મેડલ અર્પણ કરવામાં આવ્યાં હતાં.વલસાડ ના રોલા ગામે ત્રિ દિવસીય 'ઉત્સવની રાત - પ્રી-નવરાત્રી ગરબા'ના આયોજન દરમિયાન કાર્યક્રમમાં સુરત રેન્જ આઈ.જી પ્રેમ વીર સિંહની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સાંસ્કૃતિક ઉત્સાહ અને માનવસેવાના અનોખા સમન્વય વચ્ચે રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટની આ સિદ્ધિની ઉજવણી કરવામાં આવી હતી. રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ છેલ્લા ૮ વર્ષથી સતત રક્તદાન કેમ્પનું આયોજન કરીને માનવસેવાનું કાર્ય કરી રહ્યું છે. આ સેવાયાત્રા દરમિયાન વર્ષ ૨૦૨૪માં ૧,૬૨૧ બ્લડ યુનિટ અને વર્ષ ૨૦૨૫માં ૨,૦૨૫ બ્લડ યુનિટ એકત્રિત કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ વર્ષ ૨૦૨૬માં માત્ર ૧૨ કલાકમાં ૩,૬૨૧ બ્લડ યુનિટ એકત્રિત કરવાની સિદ્ધિ સાથે ટ્રસ્ટે પોતાની સેવાયાત્રામાં એક નવો ઐતિહાસિક અધ્યાય ઉમેર્યો છે.

આ સિદ્ધિ માત્ર આંકડાકીય રેકોર્ડ નથી, પરંતુ રક્તદાતાઓની નિ:સ્વાર્થ ભાવના, સેવાભાવી કાર્યકર્તાઓની મહેનત અને સમાજના સહિયારા સહયોગનું પ્રતિબિંબ છે. રક્તદાન દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને જીવનદાન આપવાના ઉમદા હેતુ સાથે શરૂ થયેલી આ પહેલ આજે સમગ્ર વલસાડ જિલ્લા માટે ગૌરવની બાબત બની છે. આ ઐતિહાસિક સિદ્ધિમાં સહયોગ આપનાર ભાજપ, વલસાડ જિલ્લા પરિવાર, અતુલ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ, વારી, પરમ હોસ્પિટલિટી તેમજ તમામ સહયોગી સંસ્થાઓ, દાતાશ્રીઓ, પ્રાયોજકો, કાર્યકર્તાઓ, સ્વયંસેવકો અને રક્તદાતાઓનો રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ ચિંતનભાઈ પટેલે આભાર વ્યક્ત કર્યો અને તેમણે જણાવ્યુ કે આ સિદ્ધિ કોઈ એક વ્યક્તિની નથી, પરંતુ દરેક રક્તદાતા, સહયોગી સંસ્થા અને સેવાભાવી વ્યક્તિના સંયુક્ત પ્રયાસોનું પરિણામ છે. તેમણે તમામ સહયોગીઓનો આભાર વ્યક્ત કરતાં ભવિષ્યમાં પણ રક્તદાન અને માનવસેવાની પ્રવૃત્તિઓને વધુ વ્યાપક બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા રક્તદાન ઉપરાંત સામાજિક અને માનવતાવાદી પ્રવૃત્તિઓમાં પણ સક્રિય યોગદાન આપવામાં આવે છે. વલસાડ જિલ્લામાં ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિ દરમિયાન અસરગ્રસ્ત લોકોની મદદ માટે ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલી સેવાકીય કામગીરીની પણ નોંધ લેવામાં આવી હતી. આ કામગીરી બદલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટ્રસ્ટનું સન્માન કરવામાં આવ્યું હતું. આ રીતે રક્તદાન ક્ષેત્રે રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર સિદ્ધિ અને આપત્તિના સમયે જનસેવાના કાર્ય દ્વારા રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટે સમાજસેવા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટની આ સિદ્ધિ સમગ્ર વલસાડ જિલ્લા માટે ગૌરવની ક્ષણ છે. ખાસ કરીને રોલા ગામ માટે આ સિદ્ધિ વિશેષ મહત્વ ધરાવે છે, કારણ કે ગામની સેવાભાવી સંસ્થાએ રક્તદાન જેવા જીવનદાયી કાર્ય દ્વારા વિશાળ સામાજિક પ્રેરણા પૂરી પાડી છે.રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટે ભવિષ્યમાં પણ સેવા, સંકલ્પ અને સમર્પણની ભાવના સાથે માનવસેવાની આ યાત્રા અવિરત ચાલુ રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

## તિથલની વાંકી નદી પર રૂા. ૧૪.૫૯ કરોડના ખર્ચે નવો બ્રિજ બનશે





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ શહેરના મહત્વપૂર્ણ ગણાતા તિથલ રોડ પર વાંકી નદી ઉપર અંદાજે રૂપિયા ૧૪.૫૯ કરોડના ખર્ચે નવા બ્રિજના નિર્માણ કાર્યનું શાસ્ત્રોક્ત વિધિ સાથે વલસાડના ધારાસભ્ય ભરત પટેલ તથા જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આગામી ૧૮ મહિનામાં આ નવો બ્રિજ તૈયાર કરી લોકાર્પણ કરવા માટે સંબંધિત એજન્સીને સૂચના આપવામાં આવી છે.

આ પ્રસંગે ધારાસભ્ય ભરત પટેલે વિગતો આપતાં જણાવ્યું હતું કે, વાંકી નદી પર હાલમાં આવેલો બ્રિજ ૫૦ વર્ષથી પણ વધુ જૂનો છે. સમય જતાં તેની ગુણવત્તા નબળી પડતાં સુરક્ષાના ભાગરૂપે તેને બદલવો અનિવાર્ય બન્યો હતો. આ સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અગાઉ ૨૦ કરોડની વહીવટી મંજૂરી અપાઈ હતી, જે અંતર્ગત ટેન્ડર પ્રક્રિયા બાદ ૧૪.૫૯ કરોડના ખર્ચે નવો પુલ બનાવવાનું કામ મંજૂર કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે, નવો બ્રિજ હાલના જૂના બ્રિજની બરાબર બાજુમાં બનાવવામાં આવશે. જેથી કરીને નિર્માણ કાર્ય દરમિયાન વાહનચાલકોને કોઈ અગવડ ન પડે અને જૂના બ્રિજ પરથી ટ્રાફિક વ્યવહાર રાબેતા મુજબ ચાલુ રહી શકે. તિથલ બીચ પ્રવાસીઓ માટેનું જાણીતું આકર્ષણનું કેન્દ્ર છે અને આ માર્ગ કોસ્ટલ હાઈવેને પણ જોડે છે, જેના કારણે અહીં સતત ભારે ટ્રાફિક રહેતો હોય છે.

આ નવો અને પહોળો બ્રિજ તૈયાર થવાથી વલસાડ શહેર, તિથલ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લાખો લોકોને ટ્રાફિક જામની જટિલ સમસ્યામાંથી કાયમી છુટકારો મળશે. આ પ્રસંગે તિથલ ગામના સરપંચ રાકેશભાઈ પટેલ ભાગડા વડાના સરપંચ ધર્મેશ ભાઈ પટેલ, તથા અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડમાં ગણપતી ચિત્ર સ્પર્ધામાં ૧૧૦૦ બાળકોએ ભાગ લીધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** ડો. પ્રવીણભાઈ તોગડિયા દ્વારા રચિત આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા હિન્દુ હેલ્પલાઈન દ્વારા બચ્ચે હી આગે અભિયાન અંતર્ગત ગણેશ ઉત્સવ દરમિયાન ગણપતી મંડપો મા અને ત્યાર બાદ શાળાઓ ગણેશ ચિત્ર સ્પૃધાનુ આયોજન કર્યું હતું. બાળકો મા ધર્મના સંસકારો પ્રગટે તથા ભગવાન ગણેશજી મહારાજની શ્રદ્ધા ઉતપન્ન થાય એવા હેતુ સાથે લાંબા ગાળાનુ અભિયાન ચલાવવામાં આવેલું જેમાં ૧૧૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. હિન્દુ હેલ્પલાઈનના વલસાડ જીલ્લા પ્રમુખ સ્વરૂપરૂપરામ સુથારના નેતૃત્વમા ચલાવવામાં આવેલું આ અભિયાનમા પહેલા શ્રીગણેશ ચિત્રકામ અભિયાન ચલાવવામાં આવેલું અને ત્યારબાદ ભાગ લેનાર તમામ ૧૧૦૦ બાળકોને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતા.

## કોસંબામાં પ્રોટેક્શન વોલ મુદ્દે ધારાસભ્યની સ્થાનિકો સાથે મુલાકાત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ તાલુકાના દરિયાકાંઠાના વિસ્તાર કોસંબા-દીવાદાંડી ગામ ના સ્થાનિક ગ્રામજનો દ્વારા વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલને રજૂ કરવામાં આવેલી વિવિધ સમસ્યાઓ, ખાસ કરીને સુરક્ષા હેતુ પ્રોટેક્શન વોલ નિર્માણ અંગેની બાબતને ધ્યાને રાખી ધારાસભ્ય ભરત પટેલે સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી તેમની રજૂઆતો શાંતિપૂર્વક સાંભળવામાં આવી હતી.

દરિયાઈ મોજાં અને ધોવાણથી ગ્રામજનો તેમજ રહેણાંક વિસ્તારોને થતા નુકસાન સામે સુરક્ષા મળી રહે તે હેતુથી પ્રોટેક્શન વોલ બનાવવા ગ્રામજનો દ્વારા માંગ કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન પરિસ્થિતિનું સ્થળ પર નિરીક્ષણ કરી જરૂરી તમામ વિગતો અને માહિતી મેળવવામાં આવી હતી. જનતાની સમસ્યાઓનું સમયસર અને સચોટ નિરાકરણ લાવવું એ જ પ્રાથમિકતા છે. ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસ તેમજ લોકહિતના કામો ઝડપથી પૂર્ણ થાય તે માટે સંબંધિત તંત્ર સમક્ષ યોગ્ય રજૂઆત કરી પ્રોટેક્શન વોલની કામગીરી આગળ ધપાવવાની ગ્રામજનોને ખાતરી આપવામાં આવી હતી. આ મુલાકાત પ્રસંગે સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## કાંજણરણછોડ ગ્રા.પં.ના વિકાસકામોમાં ભ્રષ્ટાચાર સામે વિજિલન્સ તપાસની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૨ : વલસાડ તાલુકાની કાંજણ રણછોડ ગ્રામ પંચાયતમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન થયેલા વિકાસના કામોમાં લાખો રૂપિયાનો ગેરરીતિ અને ભ્રષ્ટાચાર આચરાયો હોવાના ગંભીર આરોપો સામે આવતા પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. મહિલા સરપંચ, સરપંચ પતિ અને તાલુકા વિકાસ કચેરીના અધિકારીઓની કથિત મિલીભગતથી પંચાયતના વિકાસ કામો પોતાના મળતીયાઓને સોંપી સરકારી નાણાંની ઉચાપત કરવામાં આવી હોવાની વિગતો -કાશમાં આવી છે. વલસાડ તાલુકા ના કાંજણ રણછોડ ગામમાં વરસાદી પાણીના નિકાલ માટે પાઈપ કે નાળાં નાખવાના કામમાં વાસ્તવિકતા કરતાં ઓછું કામ કરી મોટા બિલ બનાવી મંજૂર કરાવી લેવાયા હોવાની ફરિયાદ સાથે ગામના એક જાગૃત યુવાને છેક ગાંધીનગર સુધી લેખિત રજૂઆત કરી હતી. જોકે, ભ્રષ્ટાચાર ઢાંકવા માટે વગદાર રાજકારણીઓને વચ્ચે રાખીને દબાણપૂર્વક તે યુવાનની અરજી પરત ખેંચાવી લેવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

બીજી તરફ, ગ્રામ પંચાયતના વર્ષ ૨૦૨૨-૨૩ થી ૨૦૨૬-૨૭ (ઓગસ્ટ-૨૦૨૬ અંતિત) ના ગાળામાં સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ગ્રાન્ટના હિસાબો સામે આવ્યા છે, જેમાં ૧૫મું નાણાં પંચ ૧,૨૪,૬૬,૭૯૧ , ન્યુ ગુજરાત પેટર્ન ૩૨,૦૦,૦૦૦, સ્ટેમ્પ ડ્યુટી ૧૫,૬૫,૦૦૦, સાંસદ સભ્ય ફંડ/આદિ આદર્શ ૧૩,૬૫,૦૦૦, આઈસીડીએસ ૧૧,૫૦,૦૦૦, આયોજન મંડળ ૫,૬૫,૦૦૦,તેમજ સ્વચ્છ ભારત મિશન મળી કુલ ૨,૨૬,૧૪,૭૯૮ જેટલો જંગી ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. આ ઉપરાંત મહાત્મા ગાંધી રોજગાર યોજના (મનરેગા) અને ગ્રામ પંચાયતના સ્વભંડોળની માહિતી હજુ પણ મેળવવાની બાકી દર્શાવાઈ છે.

ગામમાં થયેલા કરોડો રૂપિયાના ખર્ચ સામે જમીની સ્તરે કામોની ગુણવત્તા અને અસ્તિત્વ શંકાના દાયરામાં આવતા ગામના માજી સરપંચ તેમજ ગામના અગ્રણીઓએ ભ્રષ્ટાચાર ખુલ્લો પાડવા કમર કસી છે. સમગ્ર પ્રકરણમાં ઉચ્ચ સ્તરે વિજિલન્સ તપાસ કરાવવાની તજવીજ હાથ ધરાતાં જ ગ્રામ પંચાયતના સરપંચ, સરપંચ પતિ, મળતીયા સભ્યો તેમજ તાલુકા પંચાયતના સંબંધિત બાબુઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જો નિષ્પક્ષ વિજિલન્સ તપાસ થશે તો અનેક મોટા માથાઓની સંડોવણી બહાર આવે તેવી પૂરેપૂરી શક્યતા વર્તાઈ રહી છે.

## વલસાડની આર.એમ. એન્ડ વી.એમ. વિદ્યાર્થીઓ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ઝળક્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ સ્થિત આર.એમ.એન. વી.એમ. દેસાઈ વિદ્યાધામના વિદ્યાર્થીઓએ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓએ પોતાની વૈજ્ઞાનિક વિચારશક્તિ, સર્જનાત્મકતા અને નવીન પ્રયોગો દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના પ્રમુખ વિનોદચંદ્રન મગનભાઈ દેસાઈ, મંત્રી દોલતભાઈ દેસાઈ અને આચાર્ય બિજલબેન આઈ. પટેલે અભિનંદન પાઠવ્યાં હતાં. શિક્ષકોના યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની મહેનતના પરિણામે આ સફળતા પ્રાપ્ત થઈ છે.આ સિદ્ધિથી શાળામાં આનંદ અને ગૌરવની લાગણી વ્યાપી છે. વિદ્યાર્થીઓની આ સફળતા અન્ય વિદ્યાર્થીઓને પણ વિજ્ઞાન ક્ષેત્રે નવીન સંશોધનો અને પ્રયોગો કરવા માટે પ્રેરણા પૂરી પાડશે.શાળાની આ સિદ્ધિ માટે પ્રમુખ વિનોદચંદ્રન મગનભાઈ દેસાઈ, મંત્રી દોલતભાઈ દેસાઈ અને આચાર્ય બિજલબેન આઈ. પટેલે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## વલસાડમાં અગ્રવાલ સમાજ દ્વારા મહારાજા અગ્રસેનજીની ૫૧૫૦મી જન્મજયંતિ ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ અગ્રવાલ સમાજ દ્વારા આદ્ય પ્રવર્તક મહારાજા શ્રી અગ્રસેનજીની ૫૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે એક ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન વલસાડની એક હોટલમાં કરવામાં આવ્યું હતું. વલસાડ યોજાયેલા આ કાર્યક્રમમાં સમગ્ર અગ્રવાલ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆત મહારાજા અગ્રસેનજીની છબી સમક્ષ દીપ પ્રાગટ્ય અને પૂજન-અર્ચન સાથે કરવામાં આવી હતી.

સમારોહમાં પુરુષો, મહિલાઓ તેમજ બાળકોએ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત વડીલો અને અગ્રણીઓએ મહારાજા અગ્રસેનજીના આદર્શો, અહિંસા અને સમાજ કલ્યાણના સંદેશને જીવનમાં ઉતારવા આહવાન કર્યું હતું. ઉજવણીના ભાગરૂપે સમાજના તેજસ્વી અને વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર બાળકોને પ્રોત્સાહિત કરવા માટે વિશેષ ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો.

પુરુષો મહિલાઓ બાળકો સર્વે ઉત્સાહ સાથે ડાન્સ નાટક ભજન રજુ કરેલ હતા

સમાજ દ્વારા બાળકો ને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સમાજના પ્રમુખ તેમજ તેમની સમગ્ર કારોબારી ટીમે અથાગ મહેનત કરી સુંદર વ્યવસ્થા ગોઠવી હતી. કાર્યક્રમના અંતે સ્વાદિષ્ટ ભોજન-પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌ સમાજજનોએ સાથે મળીને પારિવારિક માહોલમાં ઉત્સવ માણ્યો હતો.

## વલસાડના 'જય ભવાની ગ્રુપ'ના ૬૫ યુવાનો માતાના મઢ પહોંચ્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડના 'જય ભવાની ગ્રુપ' દ્વારા છેલ્લા ૩૨ વર્ષથી ચાલતી ભક્તિમય પરંપરાને જાળવી રાખીને આ વર્ષે પણ ૬૫ જેટલા યુવાનો સાયકલ યાત્રા સફળતાપૂર્વક પૂર્ણ કરી આશાપુરા માતાજીના ધામ માતાના મઢ ખાતે પહોંચી ગયા છે.

આ સાયકલ યાત્રાનો પ્રારંભ વલસાડ શાકભાજી માર્કેટ સ્થિત ભીડભંજન મહાદેવ મંદિર થી તા. ૪/૧૦/૨૦૨૪ ના રોજ બપોરે ૩ કલાકે માતાજીના જયઘોષ સાથે ભક્તિમય માહોલમાં થયો હતો. શ્રદ્ધા અને ઉત્સાહ સાથે નીકળેલા આ ૬૫ યુવાનોએ રસ્તામાં ધર્મજ સ્થિત જલારામ બાપાના મંદિર, સુપ્રસિદ્ધ ચોટીલા ધામ, માટેલ ખોડિયાર માતાજી તેમજ કબરાઉ મોગલ ધામમાં શીશ ઝુકાવી દર્શન-અર્ચન કર્યા હતા.

તમામ પવિત્ર યાત્રાધામોના આશીર્વાદ મેળવતા આ યુવાનો કઠિન પ્રવાસ ખેડી આખરે માતાના મઢ ના કુળદેવી આશાપુરા માતાજીના ચરણોમાં તા. ૧૦/૧૦/૨૦૨૬ ના રોજ પહોંચ્યા હતા. સમગ્ર સંઘ માતાના મઢ પહોંચતા જ વાતાવરણ 'જય આશાપુરા મોંના નારાઓથી ગુંજી ઉઠ્યું હતુ અને યુવાનોએ મા આશાપુરાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આ અનોખી સાયકલ યાત્રા સફળતાપૂર્વક સંપન્ન થતાં વલસાડ પંથકના ભક્તોમાં પણ હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે.

## વલસાડમાં 'ઉત્સવ ૨૦૨૬ નવરાત્રી મહોત્સવ'નું આયોજન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ અનાવિલ સમાજ દ્વારા આદ્યશક્તિ માતાજીની આરાધનાના પાવન પર્વ નિમિત્તે 'ઉત્સવ ૨૦૨૬ નવરાત્રી મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ આગામી તારીખ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન દરરોજ રાત્રે ૮ વાગ્યાથી શાંતિવન રિસોર્ટ, વશીયર, વલસાડમાં આયોજન કરવામાં આવ્યું છે.

અનાવિલ સમાજ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે વાર્ષિક સ્નેહ મિલન, સમૂહ યજ્ઞોપવિત, તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ, શેરી ગરબા સ્પર્ધા, વિધવા સહાય યોજના, કે.આર. દેસાઈ કપ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ, ૪૦ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ, રાહત દરે નોટબુક વિતરણ, વયસ્ક અનાવિલો માટે ગેટ-ટુગેધર તથા ધાર્મિક પ્રવાસ, ગણપતિ ડેકોરેશન સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, ઈન્ડોર ગેમ્સ સ્પર્ધા અને વિવિધ વિષયો પર સેમિનારોનું સફળ સંચાલન કરવામાં આવે છે.

આ નવરાત્રી મહોત્સવમાં વલસાડ, વાપી, પારડી, ચીખલી, નવસારી, બીલીમોરા અને ગણદેવી સહિતના તમામ વિસ્તારોના અનાવિલો માટે નિ:શુલ્ક પ્રવેશ રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત અનાવિલ સ્વજનો સાથે અન્ય જ્ઞાતિના સ્નેહીજનો તથા મિત્રો પણ કાર્યક્રમના નિયમોને આધીન સહર્ષ ભાગ લઈ રહ્યા છે. આ ભવ્ય આયોજનમાં પરિવારજનો સાથે ઉત્સાહભેર સહભાગી થઈ ઉત્સવને યાદગાર બનાવવા અનાવિલ સમાજ વલસાડના પ્રમુખ, હોદ્દેદારો, કારોબારી તેમજ આમંત્રિત સભ્યો દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મગોદ ડુંગરીમાં જિલ્લાકક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ તાલુકાના મગોદ-ડુંગરી ગામે આજરોજ જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં જિલ્લાભરની શાળાઓના ઉત્સાહી વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની વૈજ્ઞાનિક સૂઝબૂઝ અને સર્જનાત્મકતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ બાળ વૈજ્ઞાનિકો દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ વિજ્ઞાનલક્ષી કૃતિઓ અને પ્રોજેક્ટ્સનું રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. વિદ્યાર્થીઓએ પર્યાવરણ સંરક્ષણ, ઊર્જા બચત, કૃષિ ટેકનોલોજી અને દૈનિક જીવનમાં ઉપયોગી અવનવી થીમ પર આધારિત નવીન મોડેલ્સ રજૂ કરી પોતાની વૈજ્ઞાનિક પ્રતિભાનો પરિચય કરાવ્યો હતો. બાળકોના વૈજ્ઞાનિક અભિગમ, જિજ્ઞાસાવૃત્તિ અને ઊંડા વિચારને નિહાળી ઉપસ્થિત સૌ કોઈ પ્ર-ભાવિત થયા હતા. આ પ્રસંગે વલસાડ ના ધારાસભ્ય ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહી તમામ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને બિરદાવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે જ આગામી સમયમાં દેશ અને સમાજ માટે નવા સંશોધનો કરી ભારતનું નામ રોશન કરે તેવો પ્રેરણાદાયી સંદેશ આપવામાં આવ્યો હતો.

## વલસાડ જિલ્લા ભાજપ કાર્યાલયમાં અગત્યની બેઠક મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** ગુજરાત પ્રદેશ ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર તેમજ પ્રદેશ મહામંત્રી અને દક્ષિણ ઝોન પ્રભારી પ્રશાંતભાઈ કોરાટની સૂચના અને માર્ગદર્શન હેઠળ વલસાડ જિલ્લા ભાજપ મુખ્ય ભાજપ કાર્યાલય વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠકમાં આગામી દિવસોમાં પક્ષ દ્વારા હાથ ધરવામાં આવનાર વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો, જનસંપર્ક અભિયાન તેમજ યોજનાકીય કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન), જિલ્લા પ્રભારી વિનયભાઈ શુક્લ અને જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારાએ ઉપસ્થિત તમામ અપેક્ષિત પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરું પાડી કાર્યક્રમોને પાયાના સ્તર સુધી સફળ બનાવવા માટે સક્રિય પ્રયાસો કરવા આહ્વાન કર્યું હતું.

જિલ્લા સંગઠનના વિવિધ મોરચાના હોદ્દેદારો, મંડલ પ્રમુખો અને અગ્રણી કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓએ આગામી કાર્યક્રમોને ઉત્સાહપૂર્વક અને પરિણામલક્ષી બનાવવા સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## વલસાડના ધારાસભ્યએ કોસંબા-દીવાદાંડી પ્રા. શાળા અને આંગણવાડીની મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ વિધાનસભા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય ભરતભાઈ પટેલે કાંઠા વિસ્તારમાં આવેલા કોસંબા - દીવાદાંડી ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળા તેમજ આંગણવાડી કેન્દ્રની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે શાળા-આંગણવાડીના શૈક્ષણિક કાર્ય તેમજ પાયાની સુવિધાઓનું સ્થળ પર નિરીક્ષણ કરી જરૂરી બાબતોની સર્વાંગી સમીક્ષા હાથ ધરી હતી. વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલે શાળાના વર્ગખંડોમાં જઈ બાળકો સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો અને તેમના શિક્ષણના સ્તર વિશે જાણકારી મેળવી હતી. આ ઉપરાંત, આંગણવાડીમાં બાળકોને અપાતા પૌષ્ટિક આહાર, સ્વચ્છતા અને બાળ વિકાસલક્ષી પ્રવૃત્તિઓની પણ બારીકાઈથી ચકાસણી કરી હતી. શાળામાં પીવાના પાણી, શૌચાલય, મધ્યાહ્ન ભોજન અને રમતગમતના સાધનો સહિતની વ્યવસ્થાઓની સમીક્ષા કરી સંબંધિત સ્ટાફને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મુલાકાત વેળાએ સ્થાનિક અગ્રણીઓ, શિક્ષકો, આંગણવાડી કાર્યકરો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય દ્વારા લેવાયેલી આ મુલાકાતને સ્થાનિક લોકોએ આવકારી શિક્ષણ ક્ષેત્રે થયેલી કામગીરી પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો હતો.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 13, October 2026


## ગુનેગારોમાં ભય જાગે એવી સુપ્રીમ લાગણી

પોલીસ તંત્ર દ્વારા ગુનેગારોની સામે હાથ ધરાતી કડક કાર્યવાહીની સામે સવાલ ઊઠાવનારાને હવે સર્વોચ્ચ અદાલતે જવાબ આપી દીધો છે. મહિલાઓ અને બાળકોની સામે યૌન અપરાધોમાં ગુનેગારોનાં મનમાં કાયદાનો ડર ઊભો કરાવવા પોલીસ દ્વારા થતી કાર્યવાહીને સુ-ીમ કોર્ટે પણ જરૂરી ગણાવી છે. કાયદાનું પાલન કરાવતી એજન્સીઓ સામાન્ય રીતે ગુનો બન્યા બાદ સજા કરાવવા સક્રિય બનતી હોય છે, પણ યૌન શોષણ જેવા ગુનામાં ગુનેગારો સામેની કડક કાર્યવાહીથી અપરાધીઓમાં ડર જાગે તેનાથી ગુનો આચરવાથી તે હિંમત ન કરી શકે. રાજધાની વિસ્તારમાં ૪૮ દિવસમાં સગીરાઓના સામુહિક બળાત્કારના બનેલા ત્રણ બનાવની નોંધ લઈને સર્વોચ્ચ અદાલતે ગુનેગારોમાં ડર ઊભો કરવા પર ખાસ ભાર મુક્યો છે. અદાલતના વિધાનથી એક કડવી વાસ્તવિક્તાને સ્વીકૃતિ મળી છે કે, જ્યાં સુધી અપરાધીનાં મનમાં મોતનો ડર નહીં જાગે, ત્યાં સુધી આવા ગુના અટકશે નહીં. અદાલતની આ લાગણી કોઈ બદલાની ભાવનાનું પ્રતિબિંબ પાડતી નથી, પરંતુ કાયદાને વધુ અસરકારક રીતે દેખીતો બનાવવાની જરૂરત છતી કરે છે. ઉલ્લેખનીય છે કે, ગઈ ચોથી ઓગસ્ટના ગ્રેટર નોઈડાથી દિલ્હી જતી બસમાં ૧૬ વર્ષની સગીરા સાથે સામૂહિક બળાત્કાર થયો હતો, તો ૧૨મી સપ્ટેમ્બરે સ્વરૂપનગર વિસ્તારમાં એક સગીરાની સાથે ગેંગ રેપ કરીને તેની હત્યા કરી દેવાઈ હતી. ૨૧મી સપ્ટેમ્બરના આસ્થાકુંજ પાર્કમાં ત્રણ હેવાને ૧૭ વર્ષની વિદ્યાર્થિનીની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આમ તો આ ત્રણે બનાવ અલગ અલગ હતા, પણ તેમાં એક વાત છતી થઈ છે કે, ગુનેગારોમાં કાયદો અને વ્યવસ્થા માટેનો ડર જણાયો ન હતો. સર્વોચ્ચ અદાલતે ગુનેગારોમાં કાયદાના ડરના મુદ્દા પર પોલીસ અને વહીવટ તંત્રની જવાબદારી નક્કી કરવાની જરૂરત પર ભાર મુક્યો છે. અદાલતે સ્પષ્ટ રીતે કહ્યંક્ક છે કે, માત્ર કાગળ પર યોજના બનાવવી પુરતી નથી. જરૂરત પડયે પોલીસે કડક કાર્યવાહી કરવાથી ખચકાવું જોઈએ નહીં. અદાલતે ગુનેગારો સામેની કાર્યવાહીમાં માનવ અધિકારોના ઊભા થતા મુદ્દાથી પોલીસ ખચકાય નહીં એવી પણ સલાહ આપી છે. ગુનાખોરીના આંકડા મુજબ ૨૦૨૪માં દિલ્હીમાં પોસ્કોના ૧,૫૫૩ ગુના પોલીસ ચોપડે નોંધાયા હતા. ૨૦૨૫ના આંકડા હજી સામે આવ્યા નથી. નોંધનીય બાબત એ છે કે, આ આંકડા માત્ર પોલીસ ચોપડે નોંધાયેલા બનાવોના છે. પોલીસ સુધી ન પહોંચેલી ફરિયાદો વધુ હોઈ શકે છે. આ સંદર્ભમાં ગુનેગારોમાં મોતના ડરના સર્વોચ્ચ અદાલતના વિધાનને કાયદાથી પર કાર્યવાહીને યોગ્ય ગણવાની કોઈ વાત નથી. ખરેખર તો પોલીસ તંત્ર આવા બનાવોની ઝડપી અને સચોટ તપાસ કરીને ગુનેગારોને જબ્બે કરી લેવા જોઈએ. તેની સાથોસાથ આવા ગુનામાં મજબૂત તપાસ, પુરાવા અને અદાલતમાં ક્ષતિરહિત ચાર્જશીટ માટે પોલીસે વધુ કાળજી લઈને ગુનેગારોમાં આવા અપરાધ કરીને બચી નહીં શકાય એવો ડર જગાવવાની અદાલતની લાગણી જણાઈ રહી છે.




## ફ્યુઝન સીએક્સનો આઈપીઓ ખુલશે

**સુરત, તા. ૧૨ :** ગ્રાહકોને વધુ સારો અનુભવ પૂરો પાડતી સેવાઓ અને એઆઈ ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેવાઓ આપતી કંપની ફ્યુઝન સીએક્સ લિમિટેડે તેના રૂ.૭૦૨ કરોડના આઈપીઓ માટે શેરદીઠ રૂ. ૨૭૫ થી રૂ. ૨૮૯નો પ્રાઇઝ બેન્ડ નક્કી કર્યો છે.કંપનીનો આઈપીઓ બુધવાર, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ખુલશે અને શુક્રવાર, ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બંધ થશે, જયારે એન્કર બુક સબ્સ્ક્રીપ્શન માટે મંગળવાર, ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ખુલશે. કોલકાતામાં મુખ્ય મથક ધરાવતી આ કંપનીનો આઈપીઓ બે ભાગમાં વહેંચાયેલો છે.તેમાં રૂ. ૫૦૦ કરોડ સુધીના ઈક્વિટી શેર નો ફ્રેશ ઈશ્યૂ અને કંપનીના પ્રમોટર શેરધારકો પીએનએસ બિઝનેસ પ્રાઈવેટ લિમિટેડ અને રશિશ કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ. ૨૦૨ કરોડ સુધીના ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર (ઓએફએસ) નો સમાવેશ થાય છે.

### અદાણી એન્ટર-ઈઝ લિં.ના ડિરેક્ટર પ્રણવ અદાણીના હસ્તે ખાતમૂહુર્ત સાથે

## ધારાવી વસાહતનો પુનર્વસન કાર્યનો આરંભ

**મુંબઈ, તા. ૧૨ :** અદાણી એન્ટરપ્રાઈઝિસલિ..ના ડિરેક્ટર પ્રણવ અદાણીના હસ્તે સોમવારે માટુંગાની ૨૨-એકરની રેલવેસાઈટ ખાતે ખાતમૂહર્ત સાથે એશિયાની સૌથી મોટી વસાહતોમાંની એક અને દસ લાખથી વધુ રહેવાસીઓનું ઘર ગણાતી ધારાવીના પુનર્વસન માટે નિર્માણનો આરંભ થયો છે.

આ પ્રકલ્પ માટે રચાયેલા સ્પેશિયલ પર્પઝ વેહીકલ અદાણી નવભારત ડેવલપર્સ પ્રા. લિ.પાત્ર રહેવાસીઓને હાલના સ્થળે જપુનર્વસન યોજના હેઠળ ૩૫૦ ચોરસ ફૂટના ઘરો મળે તે સુનિશ્ચિત કરશે . આ પ્રસંગે પ્રણવ અદાણીએ કહ્યું હતું કે દરેક પરિવાર પોતે સુરક્ષિત હોવાની અનુભૂતિ કરે અને ભવિષ્યનું આયોજન કરી શકે એવા ઘરનો હકદાર છે. ધારાવીના પરિવારો માટે આ બાબત કેટલી મહત્વની છે તે અમે સમજીએ છીએ. તેમણે આ વિષે માહિતી આપતા કહ્યું હતું કેમાટુંગા ખાતે અમે ૧૦ટાવર્સ બનાવી રહ્યા છીએ જેમાં ૧૦,૪૩૨ઘરો અને ૧,૩૭૯વ્યાવસાયિક તથા ઔદ્યોગિક એકમો હશે. અમે એવા રહેણાંક વિસ્તારોનું નિર્માણ કરી રહ્યા છીએ જ્યાં પરિવારો વધુ સારું જીવન જીવી શકેઅને તેમના બાળકો માટે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકે. આ પ્રકલ્પમાં યુએસ-સ્થિત ડિઝાઇન ફર્મ સસાકી, યુકે-સ્થિત એન્જિનિયરિંગ કન્સલ્ટન્સી બ્યુરો હેપોલ્ડ, મુંબઈની સ્ટુડિયોપીઓડી, જાણીતા આર્કિટેક્ટ હાફિઝ કોન્ટ્રાક્ટર, P&T અને ARC સ્ટુડિયો તેમજ સિંગાપોરના શહેરી આયોજન નિષ્ણાતોની કુશળતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ ૧૦ ટાવર મહારાષ્ટ્ર સરકાર હેઠળના ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ/ ઝૂંપડપટ્ટી પુનર્વસન સત્તામંડળને પ્રથમ પાંચ ટાવર માર્ચ ૨૦૨૯ સુધીમાં, ત્યારપછીના બે ટાવર ઓગસ્ટ ૨૦૨૯ સુધીમાં અને બાકીના ત્રણ ટાવર ઓગસ્ટ ૨૦૩૦ સુધીમાં એમ ત્રણ તબક્કામાં સોંપવામાં આવશે.

### વિપક્ષે CEC જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી

# ઈન્ડિયા ગઠબંધને SIR ને સુપ્રીમમાં પડકાર્યો, આજે સુનાવણી



(જી.એન.એસ) તા. ૧૨

નવી દિલ્હી, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને 'ઈન્ડિયા' ગઠબંધનના અન્ય નેતાઓ, સેંકડો સમર્થકો અને કાર્યકરો સાથે સોમવારે સુપ્રીમ કોર્ટ તરફ કૂચ કરી હતી. આ કૂચનો હેતુ મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' પ્રક્રિયાને પડકારવાનો અને ચૂંટણી પંચ સામે "મત ચોરી"ના આરોપો રજૂ કરવાનો હતો.

રાહુલ ગાંધીની અરજી

કોંગ્રેસની કાનૂની ટીમે મતદાર યાદીની 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' પ્રક્રિયા દરમિયાન મોટા પાયે મતદારોના નામ રદ કરવા અને અનિયમિતતાઓના કથિત મામલે સર્વોચ્ચ અદાલતમાં અરજી દાખલ કરી છે.

રાહુલ ગાંધીએ ચૂંટણી પંચની મતદાર યાદીની SIR પ્રક્રિયાને પડકારતી રિટ પિટિશન સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે. વિપક્ષે જૈંઇ પ્રક્રિયા પર તાત્કાલિક રોક લગાવવાની અને 'મત ચોરી'ના આરોપસર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ કરી છે.

સુપ્રીમ કોર્ટમાં રાહુલ ગાંધીની અરજી

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી આ અરજીમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, ટીએમસી (TMC) નેતા સૌગત રોય, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને આરજેડી (RJD) નેતા તેજસ્વી પ્રસાદ યાદવ, શિવસેના (UBT) નેતા સંજય રાઉત, સીપીઆઈ(એમ)ના એમ.એ. બેબી, સીપીઆઈ નેતા ડી. રાજા, જેએમએમ (JMM)ના મહુઆ માઝી, એનસીપી (SP) નેતા સુપ્રિયા સુલે અને આઈયુએમએલ (IUML)ના ઈ.ટી. મોહમ્મદ બશીર વગેરે અરજદારોમાં સામેલ છે.

મંગળવારે (આજે) સુનાવણી

સુપ્રીમ કોર્ટે તેની રજિસ્ટ્રીને નિર્દેશ આપ્યો છે કે રાહુલ ગાંધીની અરજી પર સોમવારે જ પ્રક્રિયા કરવામાં આવે અને તેમાં રહેલી કોઈપણ ખામીઓ સુધારી લેવામાં આવે જેથી આ મામલાને મંગળવારે સુનાવણી માટે સૂચિબદ્ધ કરી શકાય.

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતના નેતૃત્વ હેઠળની બેંચ મંગળવારે આ મામલાની સુનાવણી કરશે.

આ ઘટનાક્રમ ત્યારે સામે આવ્યો છે જ્યારે CJIએ સંકેત આપ્યો હતો કે જો સોમવાર સાંજ સુધીમાં અરજી દાખલ કરવામાં આવશે, તો તેના પછીના દિવસે સુનાવણી હાથ ધરવામાં આવશે.

'ઈન્ડિયા' ગઠબંધનની કૂચ

"માર્ચ ફોર ડેમોક્રેસી" (લોકશાહી માટે કૂચ) નામ આપવામાં આવેલી આ કૂચનું નેતૃત્વ રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ તથા રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કર્યું હતું. અન્ય અગ્રણી નેતાઓમાં ૈંના ડી. રાજા, CPI(M)ના નેતા એમ. એ. બેબી, RJDના તેજસ્વી યાદવ, NCP-SCPના નેતા સુપ્રિયા સુલે, શિવસેના (UBT)ના નેતા સંજય રાઉત, CPI(ML)ના નેતા દીપાંકર ભટ્ટાચાર્ય અને ૈંસ્ના નેતા ઈ. ટી. મોહમ્મદ બશીરનો સમાવેશ થતો હતો. કોંગ્રેસના સાંસદો પ્રિયંકા ગાંધી વાડ્રા, શશિ થરૂર, સચિન પાયલટ અને મુકુલ વાસનિક તેમજ તૃણમૂલ કોંગ્રેસના નેતા સાગરિકા ઘોષ પણ આ કૂચમાં જોડાયા હતા. કાર્યકરો યોગેન્દ્ર યાદવ અને નંદિતા નારાયણ તેમજ ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન ના વડા નેહા બોરા પણ ત્યાં હાજર હતા.

સેંકડો સમર્થકો અને કાર્યકરો સાથે આ નેતાઓ સુપ્રીમ કોર્ટ તરફની કૂચમાં જોડાવા માટે બારાખંબા રોડ જંક્શન તરફ જતા પહેલાં 'કોન્સ્ટિટ્યુશન ક્લબ' ખાતે એકઠા થયા હતા. કોર્ટ તરફ આગળ વધતા પહેલાં તેઓ ચાર એર-કન્ડિશન્ડ બસોમાં મુસાફરી કરીને ત્યાં પહોંચ્યા હતા.

તેઓ ધીમે ધીમે બારાખંબા રોડ જંકશન તરફ આગળ વધ્યા અને ત્યાંથી સુપ્રીમ કોર્ટ સુધીની કૂચ શરૂ કરી. તેઓ "મત ચોરી" (વોટ ચોરી)ના મુદ્દાને ઉજાગર કરવા અને તેમને દેખાવો કરતા રોકવા માટે સરકાર દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધાત્મક પગલાંનો વિરોધ કરવા માટે આ કૂચ કરી રહ્યા હતા.

જોકે, પોલીસે ટૂંક સમયમાં જ બેરિકેડ્સ લગાવેલા ભગવાન દાસ રોડ પર આ કૂચને અટકાવી દીધી હતી. રાહુલ ગાંધી અને જીના વડા અખિલેશ યાદવ સહિતના કેટલાક નેતાઓ એક વાહન પર ચઢી ગયા હતા.

'CECને બચાવીને સરકારે ગંભીર ભૂલ કરી છે': રાહુલ ગાંધી

અગાઉ, એક પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ ભાજપ પર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને બચાવવાનો આરોપ મૂક્યો હતો. તેમણે વિરોધ પ્રદર્શનો વચ્ચે દિલ્હીમાં લાદવામાં આવેલા સુરક્ષા પ્રતિબંધો પર સવાલ ઉઠાવ્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે પોલીસકર્મીઓને યુવા દેખાવકારો સામે કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવી રહી હતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે સરકારના અધિકારીઓ વિપક્ષ સાથે માહિતી શેર કરી રહ્યા હતા.

## હવે જંતર મંતર પર નહીં થઈ શકે પ્રદર્શન :ગૃહ મંત્રાલય



**નવા આદેશ હેઠળ રામલીલા મેદાન, બુરાડી મેદાન અને CBD ગ્રાઉન્ડને પ્રદર્શન માટે નક્કી કરાયા : ૩૩ વર્ષ સુધી જંતર-મંતર પ્રદર્શનનું સ્થળ રહ્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨ : દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ પ્રદર્શનો વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રાલયે જંતર-મંતરને પ્રદર્શન સ્થળના લિસ્ટમાંથી હટાવી દીધું છે. ગૃહમંત્રાલયની સમિતિની ભલામણના આધાર પર દિલ્હીમાં ધરણા-પ્રદર્શન માટે ત્રણ નવા સ્થળ નક્કી કરવામાં આવ્યા છે.

રામલીલા મેદાન, બુરાડી મેદાન અને સીબીડી મેદાન, પૂર્વી દિલ્હી પ્રદર્શન માટે નક્કી કરવામાં આવ્યા છે. જંતર-મંતરને પ્રદર્શન સ્થળના રૂપમાં આપવામાં આવેલું નોટિફિકેશન રદ કરી દેવામાં આવ્યું છે. આશરે ૩૩ વર્ષ સુધી જંતર-મંતર પ્રદર્શનનું સ્થળ રહ્યું. આ પહેલા ઈન્ડિયા ગેટની બોટ ક્લબ પ્રદર્શન સ્થળ હતી.

કોકરોચ જનતા પાર્ટીએ જંતર-મંતર પર પ્રદર્શનની મંજૂરી માગી હતી. આ વચ્ચે સરકારે મોટું પગલું ભરતા તેને ધરણા સ્થળના લિસ્ટમાંથી હટાવી દીધું છે. હવે માત્ર બુરાડી મેદાન, સીબીડી મેદાન અને રામલીલા મેદાનમાં પ્રદર્શન કરી શકાશે. જંતર-મંતર એક ઐતિહાસિક સ્થળ છે, પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી તે લોકતંત્રનો અવાજ બનેલું હતું. દેશભરમાં સમસ્યા હોય ખેડૂતોની, ખેલાડીઓની કે પછી સરકારી કર્મચારીઓની. તે જંતર-મંતર પર પહોંચી શાંતિપૂર્ણ વિરોધ કરતા હતા. પરંતુ હવે જંતર-મંતર પર કોઈ પ્રદર્શન કરી શકાશે નહીં.

દિલ્હી પોલીસ અનુસાર આ ત્રણેય જગ્યા પર પ્રદર્શન અને ધરણા આયોજિત કરવા માટે વિગતવાર SOP અલગથી જારી થશે. આ ૨૮ એપ્રિલ ૨૦૨૨ના જારી આદેશમાં આંશિક સુધાર છે. જંતર-મંતર નવી દિલ્હીના લુટિયન્સ વિસ્તારમાં છે. કનોટ પ્લેસથી તેનું અંતર માત્ર ૧૦૦ મીટર છે. જંતર-મંતરથી સંસદ ભવન ૫૦૦ મીટર દૂર છે. તેવામાં આ સંવેદનશીલ વિસ્તાર છે અને તેથી અહીં કડક સુરક્ષા વ્યવસ્થા રહે છે.

## જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન બંધ થતા કોંગ્રેસ ભડકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દિલ્હીમાં ધરણા-પ્રદર્શન કરવાના સ્થળોને લઈને એક નવો આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ નવા આદેશ અંતર્ગત રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના મધ્યમાં આવેલા ઐતિહાસિક જંતર-મંતરને અધિકૃત પ્રદર્શન સ્થળની યાદીમાંથી હટાવી દેવામાં આવ્યો છે. આ નિર્ણયને લઈને કોંગ્રેસ પાર્ટીએ કેન્દ્ર સરકાર સામે નારાજગી વ્યક્ત કરી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગૃહમંત્રી અમિત શાહ પર આકરા પ્રહારો કર્યા છે.

કોંગ્રેસના જનરલ સેક્રેટરી અને સાંસદ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ x પર પોસ્ટ શેર કરીને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે લખ્યું કે, ઐતિહાસિક જંતર-મંતર હવે તે જગ્યા નહીં રહે જ્યાં લોકશાહીને રોજ નવી તાકાત મળતી હતી. આ નિર્ણયથી સાફ સ્પષ્ટ થાય છે કે પીએમ અને ગૃહમંત્રીની જોડી કઈ હદ સુધી ઘબરાયેલી છે. આ સરકારે શાંતિપૂર્ણ જન પ્રદર્શનોને ખૂબ જ નિર્દયતાથી કચડી છે અને લોકશાહી હવે ડેમોક્રેસીમાંથી ડેમોકાર્સી બની ગઈ છે.

આ મામલે કોંગ્રેસ સાંસદ ચરણજીત સિંહ ચન્નીએ પણ આપત્તિ વ્યક્ત કરતાં જણાવ્યું કે, સરકારે હવે જંતર-મંતરને પણ પ્રદર્શન સ્થળમાંથી બહાર કરી દીધું છે અને એવું બતાવી રહી છે કે જાણે દિલ્હી તેમના બાપની હોય. લોકસભામાં વિપક્ષના ઉપનેતા અને સાંસદ ગૌરવ ગોગોઈએ પણ ભાજપ સરકાર પર પ્રહાર કરતાં કહ્યું કે, ભાજપ ડરી ગઈ છે અને તેમને અંદાજ આવી ગયો છે કે તેમનું સિંહાસન હવે વધુ દિવસો સુધી ટકવાનું નથી. ગૃહ મંત્રાલયના નવા આદેશ મુજબ, દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કરવા માટે હવે ત્રણ વૈકલ્પિક સ્થળો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં રામલીલા મેદાન, બુરાડી મેદાન અને પૂર્વ દિલ્હીના સીબીડી(CBD) મેદાનનો સમાવેશ થાય છે. જ્યારે નવી દિલ્હી સ્થિત જંતર-મંતરને સત્તાવાર પ્રદર્શન સ્થળોની યાદીમાંથી સત્તાવાર રીતે દૂર કરવામાં આવ્યું છે.

## સાઉદીનો સાથ આપ્યો તો પરિણામ ભોગવવા પડશેઃ પાકિસ્તાન-તૂર્કિયે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨

સાઉદી અરેબિયા પર હૂથી બળવાખોરોના સતત વધી રહેલા હુમલા વચ્ચે ઈરાને હવે અબુ ધાબી સહિત પ્રદેશના દેશો અને મક્કા સંરક્ષણ કરારમાં સામેલ સાઉદી અરેબિયા, પાકિસ્તાન તેમજ તૂર્કિયે પ્રત્યે આકરૂ વલણ અપનાવ્યું છે. ૫ ઓક્ટોબરથી અમલમાં આવેલા 'મક્કા સંરક્ષણ કરાર' મુજબ, કોઈ એક દેશ પર થતો હુમલો એ કરારમાં સામેલ તમામ દેશો પરનો હુમલો ગણાશે. આ સ્થિતિમાં સાઉદીની મદદ માટે પાકિસ્તાન અને તૂર્કિયે જવાબી કાર્યવાહી કરી શકે છે. જોકે, ઈરાને સ્પષ્ટ ચેતવણી આપી છે કે યમનમાં કોઈપણ પ્રકારની દખલગીરીના પરિણામો અત્યંત જોખમી અને અપ્રત્યાશિત આવી શકે છે.પાકિસ્તાન દ્વારા સાઉદી અરેબિયામાં હજારો સૈનિકો મોકલવાની ચર્ચા પર ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું કે, અમે આવી અફવાઓ સાંભળી છે અને આશા રાખીએ છીએ કે તે સાચી ન હોય. યમન મામલે આ કરારનો ઉપયોગ કરવો ભારે પડી શકે છે. બીજી તરફ, ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી અને સંસદીય સમિતિના સભ્ય ઈબ્રાહિમ રેજાઈએ કહ્યું કે, 'આ પ્રકારના કરારો ઈરાનને રોકી શકશે નહીં. સાઉદી અરેબિયાને તૂર્કિયે કે પાકિસ્તાન પણ સુરક્ષા પૂરી પાડી શકશે નહીં, જેમ અમેરિકા પણ આપી શક્યું નથી.

તેથી સાઉદીએ પોતાની નીતિઓ બદલવી જોઈએ.'ઈરાને સંયુક્ત રાષ્ટ્ર સભામાં સાત શરતો સાથેનો શાંતિ પ્રસ્તાવ મૂક્યો હતો અને તે સ્વીકારાય તો સાત દિવસમાં હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની ખાતરી આપી હતી. પરંતુ ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સચિવ મોહસિન રેજાઈના જણાવ્યા મુજબ, અમેરિકાનો જવાબ અસ્પષ્ટ હોવાથી ઈરાને તેને ફગાવી દીધો છે.સામે પક્ષે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ શરત મૂકી છે કે જો ઈરાન ભવિષ્યમાં ક્યારેય પણ પરમાણુ હથિયાર નહીં બનાવે તેવી ગેરંટી આપે, તો જ યુદ્ધ તાત્કાલિક પૂરું થઈ શકે છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે, 'અમે કેટલા ઉદાર છીએ. ઈરાન પાસે હવે કંઈ બચ્યું નથી છતાં અમેરિકા ધૈર્ય જાળવી રહ્યું છે.'હોર્મુઝ સ્ટ્રેટ નજીક અશાંતિ છે. ઈરાની રિવોલ્યુશનરી ગાડ અનુસાર, ઓમાનના સમુદ્રી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે નીકળવાનો પ્રયાસ કરી રહેલું 'દ્રફ સનશાઇન' નામનું એલપીજી સુપરટેન્કર માઈન્સની ચપેટમાં આવી જતાં તેમાં ભીષણ આગ લાગી હતી. ઈરાને આ ઘટના માટે અમેરિકન સેનાને જવાબદાર ઠેરવી છે. બીજી તરફ, અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે ચેતવણી ન માનવા બદલ ઈરાનના બંદરથી ઉપડેલા પનામાના ઝંડાવાળા કાર્ગો જહાજ 'ઓશન મોલિકા' પર ફાઈટર જેટથી હુમલો કરી તેનું પ્રોપલ્ઝન સિસ્ટમ નકામું કરી દીધું હતું.અમેરિકન સેનાનું નુકસાનઃ મૃત્યુઆંક અને ઘાયલોની સંખ્યા વધીન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, પેન્ટાગોને ઈરાન સાથેના આ યુદ્ધમાં માર્યા ગયેલા અને ઘવાયેલા અમેરિકન સૈનિકોના આંકડામાં સુધારો કર્યો છે. સંરક્ષણ મંત્રાલયની અપડેટ અનુસાર, અત્યાર સુધીમાં માર્યા ગયેલા અમેરિકન સૈનિકોની સંખ્યા વધીને ૨૧ થઈ ગઈ છે, જ્યારે ઘાયલ સૈનિકોનો આંકડો ૯૮થી વધીને ૮૬૫ પર પહોંચી ગયો છે.

## છૂટક ફુગાવો વધીને ૫.૫૪ ટકા, ડુંગળીએ લોકોને આંસુ કઢાવ્યા

**તહેવારોની સિઝનમાં ડુંગળી, લસણ અને શાકભાજીના ભાવમાં ભડકો થતાં સામાન્ય લોકોનું બજેટ ખોરવાયું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨ : છેલ્લા કેટલાક સમયથી દેશમાં મોંઘવારીનો ગ્રાફ સતત ઉપર જઈ રહ્યો છે. તહેવારોની સિઝનમાં જ સામાન્ય માણસ પર મોંઘવારીનો આકરો માર પડ્યો છે. સરકારે જાહેર કરેલા નવા આંકડા મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૬ માં દેશનો છૂટક ફુગાવો અચાનક વધી ગયો છે.

ઓગસ્ટ મહિનામાં છૂટક ફુગાવો ૪.૮૩ ટકા હતો, જે સપ્ટેમ્બરમાં કૂદકે ને ભૂસકે વધીને સીધો ૫.૫૪ ટકા પર પહોંચી ગયો છે. આ જંગી વધારા પાછળનું સૌથી મોટું કારણ ખાદ્ય પદાર્થો અને શાકભાજીના ભાવમાં થયેલો તોતિંગ વધારો છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને અન્ય ભૌગોલિક-રાજકીય કટોકટીની સીધી અસર ભારત પર પડી રહી છે. વિશ્વભરના દેશો હાલમાં મોંઘવારીના અજગર ભરડામાં છે, અને ભારત પણ તેમાંથી બાકાત રહી શક્યું નથી.

ઘર ચલાવતી ગૃહિણીઓનું બજેટ સૌથી વધુ શાકભાજી અને રોજિંદી ખાવાપીવાની ચીજોએ બગાડ્યું છે. ઓગસ્ટમાં ખાદ્ય ફુગાવાનો દર ૫.૯૭ ટકા હતો. સપ્ટેમ્બરમાં આ દર તીવ્ર ગતિએ વધીને ૭.૭૪ ટકા જેટલો ઊંચો થઈ ગયો છે.

શાકભાજીના માર્કેટમાં ખાસ કરીને ડુંગળીના ભાવે લોકોને ખરેખર રડાવ્યા છે. ઓગસ્ટમાં ડુંગળીનો ફુગાવો ૪૮.૭૮ ટકા હતો, જે સપ્ટેમ્બરમાં ડબલ કરતાં પણ વધુ એટલે કે ૧૦૮.૦૯ ટકા થઈ ગયો છે.લસણના ભાવમાં પણ આવો જ કમરતોડ ઉછાળો જોવા મળ્યો છે. લસણનો ફુગાવો ૪૩.૬૦ ટકાથી વધીને ૫૪.૬૨ ટકા નોંધાયો છે. જ્યારે લીંબુના ભાવનો ફુગાવો ૧૫.૧૫ ટકાથી વધીને ૩૬.૪૧ ટકા થઈ ગયો છે.

જોકે, આ સાર્વત્રિક મોંઘવારી વચ્ચે ગ્રાહકોને એક મોરચે થોડી રાહત પણ મળી છે. બટાકાના ભાવમાં વાર્ષિક ધોરણે

## કેરલમ વિધાનસભાએ CEC જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ કરતો ઠરાવ પસાર કર્યો

(જી.એન.એસ) તા. ૧૨

કેરલમ વિધાનસભાએ મુખ્ય ચૂંટણી કમિશનર (ઝઈઝ) જ્ઞાનેશ કુમારને હોદ્દા પરથી હટાવવાની માંગ કરતો ઠરાવ પસાર કર્યો. કોંગ્રેસ તેમના પર 'મત ચોરી'ના મામલે ભારતીય જનતા પાર્ટી (ભ્નૅ) સાથે સાંઠગાંઠ કરવાનો આરોપ લગાવી રહી છે. ૧૬મી કેરલમ વિધાનસભાના બીજા સત્રના પ્રથમ દિવસે પસાર કરાયેલા આ ઠરાવમાં ત્રણ માંગણીઓ કરવામાં આવી હતી અને ભારતીય ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ન થઈ શકે તે વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેમાં માંગ કરવામાં આવી હતી કે 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (જૈંઇ) ઝુંબેશમાં રહેલી અનિયમિતતાઓને દૂર કરવામાં આવે અને ભૂલથી યાદીમાંથી બાકાત કરાયેલા તમામ પાત્ર મતદારોના મતાધિકાર પુનઃસ્થાપિત કરવામાં આવે.આ ઉપરાંત, ઠરાવમાં જણાવાયું છે કે કુમારને હટાવવા જોઈએ કારણ કે તેમની "નિષ્પક્ષતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે".

'મતાધિકાર એ લોકશાહીનો પાયો છે'ઠરાવમાં એવી માંગ પણ કરવામાં આવી હતી કે ચૂંટણી કમિશનરોની પસંદગી કરતી સમિતિનું પુનર્ગઠન કરવામાં આવે અને તેમાં વડાપ્રધાન, લોકસભામાં વિરોધ પક્ષના નેતા (ર્ન્) અને ભારતના મુખ્ય ન્યાયાધીશ (ઝત્નૈ)નો સમાવેશ કરવામાં આવે.મુખ્યમંત્રી વી.ડી. સતીશને 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર કહ્યું, "મતાધિકાર એ આપણી લોકશાહીનો પાયો છે. કોઈ પણ સંસ્થાને આપણા નાગરિકોના બંધારણીય અધિકારોને નબળા પાડવાની મંજૂરી આપી શકાય નહીં. અમારું વલણ સ્પષ્ટ છે. મતાધિકારનું રક્ષણ થવું જોઈએ. બંધારણનું સન્માન જળવાવું જોઈએ. લોકશાહી ટકી રહેવી જોઈએ. કેરળ મુક્ત અને નિષ્??? ચૂંટણીઓ માટે મક્કમતાથી ઊભું છે. કોંગ્રેસે વારંવાર કુમાર પર પ્રહારો કર્યા છે અને તેમના પર 'મત ચોરી'માં સામેલ હોવાનો આરોપ મૂક્યો છે. કોંગ્રેસનું કહેવું છે કે કુમારે તેમના પદ પરથી રાજીનામું આપવું જોઈએ. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે ઝઈઝ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર

## જીબૂતી તટ નજીક દરિયામાં બોટ ડૂબી જતાં ૧૩૯ પ્રવાસીઓના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

જીબૂતી, તા.૧૨



પૂર્વ આફ્રિકાના દેશ જીબૂતીના કિનારે એક અતિશય હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. આફ્રિકાના હોર્ન વિસ્તારમાંથી રોજગારી અને સલામત આશ્રયની શોધમાં નીકળેલા પ્રવાસીઓની એક બોટ દરિયામાં પલટી જતાં મોટો અકસ્માત સર્જાયો છે. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન ના તાજેતરના અહેવાલ મુજબ, આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૩૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેમાંથી દફનાવવામાં આવેલા દર્જનથી વધુ માસૂમ બાળકો પણ શામેલ છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, આંતરરાષ્ટ્રીય પ્રવાસન સંગઠને જીવિત બચેલા લોકોના હવાલેથી માહિતી આપતાં જણાવ્યું કે, આ ઘટના ગુરુવારની મોડી રાત્રે અથવા શુક્રવારની વહેલી સવારે ઘટી હતી. આ બોટ આશરે ૩૦૫ લોકોને લઈને જીબૂતીથી યમન તરફ જઈ રહી હતી. દરિયાની સફર દરમિયાન અદનની ખાડીમાં ગુહેરે કિનારા નજીક બાબ અલ-મંદેબ જળડમરુમધ્ય વિસ્તારમાં બોટનું સંતુલન બગડી જતાં તે દરિયામાં ઊંધી વળી ગઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, આ મૃતકોમાં ૫૨ પુરુષો, ૪૨ મહિલાઓ અને ૧૫ બાળકોનો સમાવેશ થાય છે. આ સિવાય દરિયામાં તણાયેલા ૮૪થી વધુ લોકો હજુ પણ ગુમ છે, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ અને બાળકો હોવાની આશંકા છે. અત્યાર સુધીમાં ૮૦થી વધુ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. આ ઘટનાને લઈને અત્યારે મૃતકોના પરિવારમાં શોકની લાગણીઓ છવાઈ ગઈ છે. આ ઘટના પર જીબૂતીમાં મિશન ચીફ અલેક્ઝાન્ડર કોઈસાકે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરતા કહ્યું કે, આ જાનમાલનું અત્યંત

# દમણગંગા નદી પર રૂ. ૧૫૯.૫૦ કરોડના કોઝવેને મંજૂરી

- બેરેજ યોજનાની કુલ જળ સંગ્રહ ક્ષમતા ૫.૪૯ મિલિયન ઘન મીટર (MCM) હશે
- ઉપરવાસમાં આશરે ૩.૫ કિલોમીટર વિસ્તારમાં પાણીનો સંગ્રહ થશે જેના કારણે વાપી શહેરમાં આવેલા હાલના ટ્યુબવેલ્સને ભૂગર્ભજળ રિચાર્જનો લાભ

- નામધા, ચંડોર, મોહનગામ, એકલહારે, નાહુલી અને જમ્બુરી એમ છ ગામોને લાભ
- આશરે ૫૪૯ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે
- સંઘપ્રદેશ દમણના ઝરી ગામના લોકોને અને વાપીના ઉદ્યોગોને લાભ મળશે



નામધામાં દમણગંગા કિનારે જયાં બેરેજ બનવાનો છે એ સ્થળ (તસવીર : મનોજ ભંડારી, વાપી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

**અમદાવાદ,તા.૧૨ :** વલસાડ જિલ્લામાં દમણગંગા નદી પર રૂ. ૧૫૯.૫૦ કરોડનાં ખર્ચે દમણગંગા નદી પર બનનારી'દમણગંગા બેરેજ યોજના' હવે ટૂંક સમયમાં શરૂ થશે. વાપી તાલુકાનાં નામધા ગામ નજીક દમણગંગા નદી પર 'દમણગંગા બેરેજ યોજના નિર્માણ પામશે. આ સ્થળ હાલના વાપી વિયરથી આશરે ૩ કિલોમીટર ડાઉનસ્ટ્રીમમાં આવેલું છે. આ બેરેજ યોજનાની કુલ જળ સંગ્રહ ક્ષમતા ૫.૪૯ મિલિયન ઘન મીટર (MCM) હશે. આ પ્રોજેક્ટનો મુખ્ય લાભ સિંચાઈ ક્ષેત્રે થશે. દમણગંગા બેરેજથી આશરે ૫૪૯ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. સંગ્રહિત પાણી લિફ્ટ સિંચાઈ વ્યવસ્થા મારફતે ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે. આ યોજનાથી નામધા, ચંદોર, મોહન, એકલહારે, નહુલી અને જાંબુરી એમ છ ગામોને લાભ થશે. પીવાના પાણીની ઉપલબ્ધતા વધશે. આ ઉપરાંત, ખારાશ નિયંત્રણ અને સામાજિક - આર્થિક વિકાસ સહિત અનેકવિધ લાભો મળવાશે. લગભગ એક વર્ષ પહેલાં ગુજરાત સરકારે ઔદ્યોગિક શહેર વાપીને નગરપાલિકામાંથી મહાનગર પાલિકાનો દરજ્જો આપ્યો છે. વાપી મહાનગરપાલિકા થવાથી શહેરની વસ્તી પણ વધશે અને તેની પાણીની જરૂરિયાત પણ વધશે.

વર્ષ ૨૦૨૪ -૨૫નાં આંકડાઓ મુજબ વાપી વિયર મારફતે GIDC-વાપીને ઔદ્યોગિક ઉપયોગ માટે ૧૯ MCM, પાણી પુરવઠા માટે ૭.૩૦ MCM અને વાપી મ્યુનિસિપલ કોર્પોરેશનને ૬ MCM પાણી પૂરું પાડવામાં આવ્યું હતું. તેનાથી કુલ રૂ. ૬૯.૧૫ કરોડની આવક થઈ હતી. સૂચિત બેરેજના કારણે વધારાની સંગ્રહ ક્ષમતા ઊભી થતાં બિન-કૃષિ હેતુઓ માટે પાણીના ઉપયોગમાં વધારો થશે. આ બેરેજથી ઉપરવાસમાં આશરે ૩.૫ કિલોમીટર વિસ્તારમાં પાણીનો સંગ્રહ થશે, જેના કારણે વાપી શહેરમાં આવેલા હાલના ટ્યુબવેલ્સને ભૂગર્ભજળ રિચાર્જનો લાભ મળશે. બેરેજની રચના દરિયાની ભરતીના પાણીના પ્રભાવને નિયંત્રિત કરવા અને નદીના પટમાં ખારાશનું પાણી પ્રવેશતું અટકાવવા માટે પણ કરવામાં આવી છે.




વાપી વિયરથી આશરે ૩ કિલોમીટર ડાઉનસ્ટ્રીમમાં અહીં બનનારા આ બેરેજથી વાપી હાઈવે અને સીઈટીપી વિસ્તારથી આશરે સાડા ત્રણ કિલોમીટરના અંતર સુધી પાણીનો સંગ્રહ થશે

## દમણગંગાના બેરેજથી શું લાભ થશે?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા નામધા-ચંડોર પાસેથી પસાર થતી દમણગંગા નદી પર રૂ. ૧૫૯.૫૦ કરોડના ખર્ચે કોઝવે બનાવવાની ગુજરાત સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે જેનાથી દમણગંગા નદીમાં ચોમાસા દરમિયાન મોટી માત્રામાં વહેતું પાણી દરિયામાં વહી જતું હોય છે. આ પાણીને રોકીને તેનો સંગ્રહ કરવામાં આવે તો આસપાસના વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવામાં મદદ મળી શકે છે. પરિણામે અનેક ગામોમાં આવેલા બોર કૂવા અને તળાવોમાં પાણીની ઉપલબ્ધતા વધવાની સાથે ખેડૂતોને સિંચાઈ માટે પણ લાભ થવાની શક્યતા છે. વાપીથી પસાર થતી દમણગંગા નદીના પાણીનો વધુમાં વધુ ઉપયોગ થઈ શકે અને નદીમાં વહી જતું પાણી સંગ્રહિત કરી શકાય તે માટે છેલ્લા કેટલાક વર્ષોથી સ્થાનિક ધારાસભ્ય અને રાજ્યના નાણા તથા શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ સહિતના આગેવાનો દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા હતા. જેમા વાપી મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ વાપી મનપાના માજી પ્રમુખ અને હોદેદારો તેમજ વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન ના હોદ્દેદારોએ પણ દમણગંગા નદીના પાણીનો સંગ્રહ કરી તેનો પુનઃઉપયોગ થાય તે માટેની યોજના અંગે રજૂઆતો અને પ્રયાસો હાથ ધર્યા હતા. નદી પર બેરેજ અને રિવરફ્રન્ટ વિકસાવવાની યોજનાઓને મંજૂરી મળે તે માટે પણ પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

### બેરેજ વાપી માટે આશીર્વાદ બનશે

વાપીના દમણગંગા નદી કિનારે આવેલા નામધાની લુમેન્સ ઈન્ટરનેશનલ સ્કૂલ થી ઉમરગામ તાલુકાના મોહનગામ સુધી કોઝવે બનાવવામાં આવશે. જેમાં સંગ્રહ થનાર પાણી વાપી મનપા અને જીઆઈડીસી અને ઉદ્યોગોને ઉપયોગી થશે. તેમજ વાપી નેશનલ હાઈવે નંબર ૪૮ થી દમણના કચીગામ ઝરી કોઝવે સુધીનો દમણગંગા નદીનો કિનારો ચોખ્ખો અને પ્રદૂષણ મુક્ત પણ બનશે. કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના પ્રયત્નોથી મંજૂર થયેલો બેરેજ વાપી માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે

**- સતીશભાઈ પટેલ, વાપી મનપા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન**

# વાપી જૂના ફાટક સબ-વેનું બોક્સ ખોલવાની કવાયત શરૂ

**ચોમાસા પહેલા માટીથી પુરી નાંખેલા બોક્સને ખુલ્લો કરવા જેસીબી અને પાણી કાઢવા જનરેટર પમ્પીંગ મશીન લગાવ્યું**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૨ :** વાપીમાં પૂર્વ-પશ્ચિમને જોડતા વધુ એક વિકલ્પ એવા જૂના ફાટક સબ-વેનું બંધ કરાયેલું બોક્સ ખોલવાની કામગીરી આજે સોમવારથી મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી છે. વાપીમાં હાલ વાહનોની અવર-જવર માટે દક્ષિણમાં ગરનાળા અને ઉત્તરમાં બલીઠા સબ-વે આશીર્વાદરૂપ છે. આ બંને વચ્ચે જૂના ફાટક પાસે મંજૂર થયેલો ત્રીજો સબ-વે, જેનું બોક્સ પુશિંગનું કામ ૧૦ મહિના પહેલા જ પૂર્ણ થઈ ગયું હતું. પરંતુ તેની બાજુમાં જ દોઢ અબજના ખર્ચે બની રહેલા રેલવે ફ્લાય ઓવર બ્રિજના કામને કારણે આ સબ-વેનું કામ વિલંબમાં પડ્યું હતું.

ચોમાસા દરમિયાન બોક્સમાં પાણી ભરાઈને નુકસાન ન થાય તે માટે તંત્ર દ્વારા તેને માટીથી પૂરી દેવામાં આવ્યું હતું. હવે ચોમાસું પૂરું થતા આ નાળાને ફરી કાર્યરત કરવા માટે આજે પાલિકાએ કવાયત હાથ ધરી છે. બોક્સમાં ભરાયેલું પાણી બહાર કાઢવા માટે જનરેટર સાથે હેવી પંપ લગાવવામાં આવ્યા છે, જ્યારે અંદર જામેલો કાદવ-કીચડ અને માટી કાઢવા માટે પશ્ચિમ છેડે JCB મશીન કામે લગાડવામાં આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, બોક્સ ખુલ્લું થયા બાદ બંને તરફ એપ્રોચ રોડ બનાવવાનું કામ શરૂ કરાશે. પરંતુ સૌથી મોટો પ્રશ્ન એ છે કે સબ-વેના પૂર્વ છેડે બહાર નીકળતા જ નવનિર્મિત ફ્લાય ઓવર બ્રિજનો પિલર અડચણરૂપ બની રહ્યો છે. જેના કારણે વાહનોની અવર-જવર કેવી રીતે થશે તે મોટો સવાલ છે. હવે આ ટેકનિકલ ખામીને દૂર કરવા માટે મહાનગરપાલિકા અને રેલવે તંત્ર શું ઉકેલ લાવે છે, તેના પર સૌની નજર છે.



વાપીની જાણીતી છરવાડા રોડ પર આવેલી ગોકુલ વિહાર ટાઉનશીપમાં મહિલાઓ દ્વારા સંચાલિત ગોકુલ વિહાર લેડીઝ કલબ દ્વારા નવરાત્રિના પ્રારંભે જ કલબ હાઉસમાં આદ્યશક્તિની આરાધના અને ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કલબની સભ્ય મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લઈ માતાજીની આરતી સહિત પરંપરાગત ગરબાઓ થકી નવરાત્રિની ઉજવણી કરી હતી.

# દમણનો વોન્ટેડ આરોપી ઝડપાયો

**વલસાડ, તા. ૧૨ :** વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન મથક નો દારૂના ગુનાનો બે વર્ષથી વોન્ટેડ આરોપીને વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલી બાતમીના આધારે પોલીસે દમણના આરોપી સિધ્ધેશ ઉર્ફે કિલેશ, પિતા નરોત્તમભાઇ ઉર્ફે નંદુભાઇ કોળી પટેલ (ઉં. વ. રહે.કાઠીયા કુંભાર ફળીયા, નાની દમણ) ધરપકડ કરી છે પકડાયેલો આરોપી સામે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં દારૂના ગુનામાં વોન્ટેડ હતો.

પકડાયેલો આરોપી સિધ્ધેશ ગુનાહિત ઈતિહાસ અગાઉ આણંદ જિલ્લાના તારાપુર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૨માં દારૂ નો ગુનો નોંધાયેલો છે.

# કછોલીમાં દીપડાએ વાછડાનું મારણ કર્યુ

**ગણદેવી,તા.૧૨ :** ગણદેવી તાલુકા નાં વન વગડા માં વસવાટ કરતા દીપડા ખોરાકની શોધમાં માનવ વસ્તીમાં આવતા હોય છે. દરમિયાન કછોલી ડુંગરી ફળીયા થી ધમડાછા જતા વાડી માર્ગ સ્થિત ખેડૂત, પશુપાલક શૈલેષભાઈ ઠાકોરભાઈ દેસાઈ નાં કોઢારમાં માં રવિવાર સાંજે ૮ કલાક નાં અરસામાં દીપડા એ વાછરડા નો શિકાર કર્યો હતો. કોઢારમાં માં કુલ ૭ જેટલા પશુ ઓ હતા. જેના ભાંભરવાનાં અવાજ ને પગલે ખેડૂત પરીવાર એ તપાસ કરતા દીપડો ભાગી ગયો હતો.સમગ્ર ઘટના અંગે વન વિભાગ ને જાણ કરી હતી. વન વિભાગના અધિકારીઓ ચેતન પટેલ, ભાવિન પટેલ ની ટીમેએ રવિવાર રાત્રે પાંજરૂ ગોઠવ્યું હતું. જેમાં મરઘાનું મારણ મુકી દિપડાને પાંજરે પુરવા તખ્તો તૈયાર કર્યો હતો. તેમ છતાં નવરાત્રિ પર્વે લોકોમાં દહેશત વ્યાપી હતી.

# બોડવાંકમાં શેરડીના ખેતરમાં સંતાડેલો ખેર ઝડપાયો

**ચીખલી, તા.૧૨ :** ચીખલી તાલુકાના બોડવાંક ગામેથી એક ખેડૂત ના શેરડીના ખેતરના સેઢાવાળા ભાગ ઉપર ગેરકાયદેસર સંતાડેલો ખેરનો જથ્થો ઝડપી પાડી ખેડૂત સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ચીખલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેર તથા સાગી લાકડાની હેરાફેરી અવર નવર થતી રહી છે ત્યારે ચીખલી તાલુકાના બોડવાંક ગામે રહેતા અઝરુદ્દીન શાહબુદ્દીન સૈયદ ઉર્ફે (અઝર,અજ્જુ ) ની શેરડીના ખેતરના શેઢાવાળા ભાગ ઉપર મોટી માત્રામાં ઈમારતી ખેરના લાકડાનો જથ્થો રાખવામાં આવ્યો હોવાની બાતમી ચીખલી વન વિભાગના કર્મચારીઓને મળતા કર્મચારીઓ દ્વારા ઘટના સ્થળે જઈ રેડ પાડતા શેરડીના ખેતરના



સેઢાવાળા ભાગમાંથી ગેરકાયદેસર રીતે ખેરનો ઈમારતી ઘડતર કરેલો જથ્થો નંગ ૪૨ ઘન મીટર ૧૧૪૫ કિંમત રૂપિયા આશરે રૂ. ૧ લાખનો મુદ્દા માલ મળી આવતા ચીખલી વન વિભાગે અઝરુદ્દીન શાહબુદ્દીન સૈયદ ભાગી જતા જેની વિરુંધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

**Pharma Plant વેચાણ / ભાડે જોઈએ છે.**

અમદાવાદ સ્થિત કંપનીને વાપી/ઉમરગામ GIDC વિસ્તારમાં 1,000-1,500 sqyd Pharma Intermediate પ્લાન્ટ વેચાણ / ભાડે લેવા માટે જોઈએ છે.

સંપર્ક : Calidrux Lifesciences (M ) : 9904924279

# સેલવાસની નટરાજ હોટલમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો : હત્યાની શંકા






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૧૨ :** સેલવાસ ચાર રસ્તા નજીક આવેલી નટરાજ હોટલ બાર એન્ડ રેસ્ટોરન્ટમાં ૩૫ વર્ષીય જયશ્રીનો મૃતદેહ મળી આવવાના બનાવે ફરી એકવાર આ ચિંતા સામે લાવી છે. પ્રાથમિક માહિતી મુજબ, જયશ્રીએ ૧૦ ઑક્ટોબરના રોજ પોતાના પ્રેમી સાથે રૂમ બુક કરાવ્યો હતો. તેની હત્યા થઈ હોવાનો આરોપ છે અને આરોપી ફરાર થયો હોવાનું જાણવા મળે છે. જોકે, ઘટનાની સંપૂર્ણ વિગતો પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે. જયશ્રી હત્યા કેસ બાદ શહેરમાં અગાઉ બનેલા સમાન પ્રકારના બનાવોની સમીક્ષા કરવાની જરૂર છે. શું અગાઉના કેસોમાં પણ હોટલના રૂમનો ઉપયોગ થયો હતો? શું આરોપીઓએ ગુનો કર્યા બાદ ફરાર થવાની સમાન પદ્ધતિ અપનાવી હતી? પોલીસ રેકોર્ડમાં આવી કોઈ સમાનતા સામે આવે તો તે કાયદો અને વ્યવસ્થા માટે ગંભીર ચેતવણી બની શકે છે. વિવિધ ભાષાઓ બોલતા લોકોની અવરજવર ધરાવતા સેલવાસમાં હોટલ સંચાલકો, પોલીસ અને વહીવટી તંત્ર વચ્ચે અસરકારક સંકલન જરૂરી છે.

# વાપીના મોબાઈલ અને કોમ્પ્યુટર બજારમાં ભાવ વધારાની અસર

**ઈમ્પોર્ટ ડ્યુટીમાં વધારો અને એ આઈ ચિપ તથા સેમિકન્ડક્ટરની વૈશ્વિક અછતને કારણે મોબાઈલ,સ્પરપાર્ટ, કોમ્પ્યુટર, કી-બોર્ડ, માઉસ, હેડફોન, પેનડ્રાઈવ જેવી એસેસરીઝ મોંઘી થઈ ગઈ છે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૨ :** છેલ્લા બે મહિનામાં મોબાઈલ ફોન, કોમ્પ્યુટર અને તેની એસેસરીઝના ભાવમાં વધારો થતા વાપી પંથકના વેપાર અને સામાન્ય ગ્રાહકો પર સીધી અસર પડી છે.

ડોલર સામે રૂપિયામાં ઘટાડો, ઈમ્પોર્ટ ડ્યુટીમાં વધારો અને એ આઈ ચિપ તથા સેમિકન્ડક્ટરની વૈશ્વિક અછતને કારણે મોબાઈલ,સ્પરપાર્ટ, કોમ્પ્યુટર, કી-બોર્ડ, માઉસ, હેડફોન, પેનડ્રાઈવ જેવી એસેસરીઝ મોંઘી થઈ ગઈ છે. વાપી ચાર રસ્તા મોબાઈલ એસેસરી અને રિપેરિંગ માર્કેટ, ગુંજન મોબાઈલ માર્કેટ,ચણોદ અને ટાઉન વિસ્તારના મોબાઈલ વેપારીઓના જણાવ્યા મુજબ દિવાળી પહેલા ધંધો તેજ થવાની આશા હતી, પરંતુ છેલ્લા બે ત્રણ મહિનામાં ભાવ વધારાને કારણે ગ્રાહકી ૫૦ ટકા જેટલી ઘટી ગઈ છે. ઓનલાઈન, શોપિંગની પણ સીધી અસર વર્તાઈ રહી છે.જે મોબાઈલ ૧૨ થી ૧૫ હજારની કિંમતના હતાં તેના સીધા ૨૨ થી ૨૫ હજાર થઈ ગયા છે. નવા મોબાઈલ વેચાણમાં સ્પર્ધાના કારણે મર્જિન ઘટી ગયું છે. ગ્રાહકો પણ મોબાઈલ ખરીદી મોટાભાગે રોકડેથી ન કરી ફાઈનાન્સ ઉપર લઈ રહ્યાં છે જેમાં વેપારીઓએ પ્રોસેસિંગ ચાર્જ થી લઈ અનેક બાબતે ભોગવવા પડે છે. મોબાઈલની ડિસ્પ્લે,મધરબર્ડ આઈસી જેવાં સ્પરપાર્ટમના ભાવમાં પણ ઉછાળો આવ્યો છે. કોમ્પ્યુટર રીપેરીંગ અને એસેમ્બલિંગના ભાવ પણ વધતા નાના વેપારીઓ અને સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. કમ્પ્યુટર સ્પરપાર્ટ માં રેમ, હાર્ડ ડિસ્ક, હાર્ડ ડ્રાઈવ,મધરબર્ડના ભાવમાં પણ ૨૦૦ થી ૫૦૦ રૂપિયા સુધી વધારો થયો છે. વેપારીઓએ જણાવ્યું હતું કે જો કેન્દ્ર સરકાર ઈમ્પોર્ટ ડ્યુટી ઘટાડે નહીં તો આગામી નવરાત્રી-દિવાળીની સિઝનમાં પણ બજારમાં મંદીનો માહોલ યથાવત રહેશે.

# લાકડમાળમાં વીજ કરંટ લાગતાં યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૨ :** ધરમપુર તાલુકાના લાકડમાળ ગામે પટેલ ફળિયામાં નવી બની રહેલી દુકાનના શેડ પર વેલ્ડિંગનું કામ કરતી વખતે વીજ કરંટ લાગતાં ૧૮ વર્ષીય યુવકનું મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનાને પગલે પરિવારમાં શોકની લાગણી ફરી વળી હતી.

ધરમપુર પોલીસ મથકેથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર નાનાપોંઢા તાલુકાના કુંડા ગામના નિશાળ ફળિયામાં રહેતા જયદીપ ધનસુખભાઈ રડિયા (ઉંમર ૧૮ વર્ષ) તા. આજ રોજ બપોરે આશરે રૈં૪૫ વાગ્યે લાકડમાળ ગામે હિમાંશુભાઈ સુરેશભાઈ પટેલની નવી બની રહેલી દુકાનના શેડ પર વેલ્ડિંગનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન વીજ થાંભલા પરના વીજતારનો સંપર્ક થતાં તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો જે નીચે પટકાતા કરંટ લાગવાથી ગંભીર અસર થતાં સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે ધરમપુર પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**